CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૭૦
તા.૦૮-૧૧-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૬ સૂર્યાસ્ત : ૦૬:૦૨

તાપમાન
ડીસા ૩૪.૫
અમદાવાદ ૩૪.૦
ગાંધીનગર ૩૪.૫
વડોદરા ૩૪.૨
સુરત ૩૪.૮
નલિયા ૩૫.૪

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# નોટબંધી-જીએસટી અર્થવ્યવસ્થા માટે ઘાતક : મનમોહનસિંહ

## નોટબંધી મોદી સરકારની સૌથી મોટી ભુલ અને સંગઠિત લૂંટ : નાના કારોબારીઓની કમર સંપૂર્ણપણે તુટી ગઈ છે



અમદાવાદ

નોટબંધીને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે ગુજરાત ચૂંટણી પ્રચાર માટે આવેલા દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે નોટબંધી અને જીએસટીને લઈને મોદી સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મનમોહનસિંહે નોટબંધીને સરકારની સૌથી મોટી ભૂલ તરીકે ગણાવીને કહ્યું હતું કે, આ એક સંગઠિત લૂંટ તરીકે હતી. તેમણે ઉમેર્યું હતું કે, સંસદમાં પણ તેઓ અગાઉ કહી ચુક્યા છે અને આજે ફરી એકવાર દોહરાવી રહ્યા છે કે, આ એક સંગઠિત અને વૈધાનિક લૂંટ તરીકે હતી. જીએસટીને લઈને પણ મનમોહનસિંહે વિસ્તારપૂર્વક વાત કરી હતી. નોટબંધીના નિર્ણયની ઝાટકણી કાઢતા મનમોહનસિંહે કહ્યું હતુ કે, નોટબંધી અને જીએસટી દેશની અર્થવ્યવસ્થા માટે ખુબ ઘાતક તરીકે સાબિત થઈ છે. નાના કારોબારીઓની કમર તુટી ગઈ છે. નોટબંધીનો વિનાશકારી એક વર્ષ પુરુ થયું છે. મનમોહનસિંહે આંકડાકીય માહિતી પણ પુરી પાડી હતી. મનમોહનસિંહે આંકડાકીય માહિતી આપતા કહ્યું હતું કે, એક વર્ષમાં આયાત ૨૩ ટકા વધીને ૪૫૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. આના માટે નોટબંધી અને જીએસટી ચોક્કસપણે જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સમગ્ર દુનિયામાં એવો એક પણ દેશ નથી જે દેશે આવા વિનાશકારી પગલા લીધા છે જેમાં ૮૬ ટકા કરન્સીનો સફાયો થઈ ગયો હતો.

# નોટબંધી નહીં પણ ટુજી, કોલગેટ, કોમનવેલ્થ કાંડ લૂંટ હતા : જેટલી

## નોટબંધીને સંગઠિત લૂંટ કહેનાર મનમોહનસિંહ ઉપર પ્રહારો

નવીદિલ્હી

નોટબંધીને લઈને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આને લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર વધુને વધુ તીવ્ર બની રહ્યો છે. નાણામંત્રી અરુણ જેટલી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે નોટબંધીને લઈને આજે આક્ષેપોનો દોર જારી રહ્યો હતો. અરુણ જેટલીએ નોટબંધીને સંગઠિત લૂંટ કહેનાર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની જોરદાર ઝાટકણી કાઢી હતી. જેટલીએ કહ્યું હતું કે, નોટબંધી એક નૈતિક પગલા તરીકે છે જેના કારણે ભ્રષ્ટાચારની જડ હચમચી ઉઠી છે. જેટલીએ કહ્યું હતું કે, નોટબંધી નહીં બલ્કે ટુજી, કોમનવેલ્થ ગેમ્સ, કોલગેટ સહિતમાં જે કંઈપણ થયું હતું તે લૂંટ તરીકે હતું. નોટબંધીને લાપરવાહી તરીકેના પગલા તરીકે ગણાવીને ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મનમોહનસિંહે કહ્યું હતું કે, સંસદમાં જે કંઈપણ વાત તેઓએ કરી હતી તે વાત ફરી કરી રહ્યા છે. નોટબંધીને સિંહે સંગઠિત અને કાયદાકીય લૂંટ ગણાવી હતી. નાણામંત્રીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, રચનાત્મક સુધારાઓની અસર હવે ભૂતકાળ બની ચુકી છે.

# ભારે ઉત્સાહ વચ્ચે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત

## અમદાવાદમાં અમિત શાહ, રાજકોટમાં રૂપાણીએ પ્રારંભ કરાવ્યો

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી લેવાના ઈરાદા સાથે આજે ભાજપના ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત થઈ હતી. ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજકોટ ખાતે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અમદાવાદમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની સવારે શરૂઆત કરવામાં આવી હતી. મહાસંપર્ક અભિયાની શરૂઆત વેળા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. મહાસંપર્ક અભિયાન વેળા લોકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અને સિદ્ધીઓ લોકો સુધી પહોંચાડવાની પ્રક્રિયા ચાલી રહી છે. હવે આ અભિયાન આગામી દિવસોમાં પણ જોરદાર રીતે આગળ વધનાર છે. ગુ-જરાતમાં ૧૫૦થી વધુ બેઠકો જીતવાના મક્કમ ઈરાદા સાથે ભાજપ પ્રમુખ અમિત શાહે સવારે અમદાવાદના નારણપુરાથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

# કોંગ્રેસ સહિત વિપક્ષ આજે દેશમાં કાળો દિન મનાવશે

નવી દિલ્હી

નોટબંધીને સદીના સૌથી મોટા કોંભાડ તરીકે ગણાવીને વિરોધ પક્ષ કોંગ્રેસ સહિત ૧૮થી વધારે રાજકીય પક્ષો આવતીકાલે બુધવારના દિવસે નોટબંધીને એક વર્ષ પૂર્ણ થયાના દિવસે કાળો દિવસ મનાવશે. આ દિવસે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો દેશભરમાં વિરોધ પ્રદર્શન કરનાર છે. વિપક્ષે દાવો કર્યો છે કે નોટબંધીના કારણે અર્થવ્યવસ્થા અને નોકરીને ભારે નુકસાન થયુ છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામનબી અઝાદે કહ્યુ છે કે ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૧૦૦૦ રૂપિયા અને ૫૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની જાહેરાત કરી હતી.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઈ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુ:ખાવો
• ખેંચ-વાઇ
• લકવો-પક્ષાઘાત
• મગજનો ટીબી
• ચક્કર
• યાદશક્તી ઓછી થવી
• હાથપગની ધ્રુજારી
• નસોની નબળાઇ
• હાથપગમાં ઝણઝણાટી
• સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

નૂતન વર્ષાભિનંદન
આપનું નૂતન વર્ષ સુખમય, આનંદમય, લાભદાયી નિવડો એજ શુભેચ્છા
એક શુભેચ્છકશ્રી
એન.કે.મોદી - ધાનેરા

નૂતન વર્ષાભિનંદન
આપનું નૂતન વર્ષ મંગલમય, સુખદાયી, યશસ્વી નિવડો એજ શુભેચ્છા...
ગંજ બજાર વેપારી એસોસિએશન
મહેદાભાઈ કે. પટેલ : પ્રમુખ
ઉત્તમસિંગ વાઘેલા : ઉપપ્રમુખ (લવારા)
ભીખાભાઈ ભગાભાઈ પટેલ : મેનેજર, મંત્રી (કુઆ)

નૂતન વર્ષાભિનંદન
ફોજાજી ધુંખાજી રાજપૂત
ઉપપ્રમુખ, ધાનેરા તાલુકા ભાજપ
ચેરમેન, સ્વામી વિવેકાનંદ ધાનેરા તાલુકો



ધી ધાનેરા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી, ધાનેરા
૩૭/૧ માર્કેટયાર્ડ, ધાનેરા, ફોન નં. ૦૨૭૪૮ - ૨૨૨૦૭૭
ટેકાના ભાવે મગફળી ખરીદી બાબત
આથી ધાનેરા તાલુકાના ખેડૂત ભાઈઓને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૧૭-૨૦૧૮ ટેકાના ભાવે મગફળી ખરીદી માટે નોડલ એજન્સી તરીકે નાફેડ વતી બનાસકાંઠા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસડેરી) દ્વારા ટેકાના ભાવ ૨૦ કિલોના રૂા. ૯૦૦/- પ્રમાણે મગફળીની ખરીદીનું સેન્ટર ધી ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ધાનેરાને ફાળવેલ છે. તો મગફળીનું વેચાણ કરવા માટે તમામ ખેડૂત ભાઈઓને ધી ધાનેરા તાલુકા સંઘમાં ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત છે. નોંધણી માટે નીચે મુજબના દસ્તાવેજ લાવવા જરૂરી છે.
(૧) આધારકાર્ડ (ફરજીયાત)
(૨) ખેડૂત ખાતેદારનો જમીનનો ૮-અ નો ઉતારો અને મગફળીની વાવણીનો ૭-૧૨ નો ઉતારો તલાટી/મામલતદાર દ્વારા પ્રમાણીત કરેલ જેમાં ૨૦૧૭ માં હેક્ટર દીઠ વાવેતર દર્શાવેલ હોવું જરૂરી છે.
(૩) ખેડૂતનો બેંક એકાઉન્ટ નંબર બેન્કનું નામ શાખા IFSC કોડ વિગેરેની વિગત દર્શાવતી બેંક પાસબુકની નકલ.
(૪) ખેડૂતનો ઓરીજનલ કેન્સલ ચેક આપવો.
● વધુ માહીતી માટે ધી ધાનેરા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., મુ.ધાનેરાની ઓફિસે સંપર્ક કરવા દરેક ખેડૂત ભાઈઓને વિનંતી.
સ્થળ : ધાનેરા
તારીખ : ૭-૧૧-૨૦૧૭
મેનેજર
ધી ધાનેરા તા.સ.ખ.વે.સંઘ લી.

નૂતન વર્ષાભિનંદન





આપનું નૂતન વર્ષ સુખમય, આનંદમય, લાભદાયી નિવડો એજ શુભેચ્છા
પટેલ
સુરેશકુમાર
ભગવાનદાસ

નૂતન વર્ષાભિનંદન
આપનું નૂતન વર્ષ સુખમય, આનંદમય, લાભદાયી નિવડો એજ શુભેચ્છા
ધી પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર
વ્યાજબી ભાવની દુકાનના તમામ સંચાલકશ્રીઓ તથા ગ્રાહકોના નૂતન વર્ષાભિનંદન
પ્રમુખ
કાન્તિલાલ ખેમાભાઇ ડાભી

સૂર્યોદય - ૬.૪૬ સૂર્યાસ્ત - ૬.૦૨

## તિથિદર્શન

કારતક વદ-૫ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ :પાંચમ બુધવાર નક્ષત્ર: આદ્રા યોગ : શિવ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### દધિ મધુરં મધુ મધુરં દ્રાક્ષા મધુરા સુધાપિ મધુરેવ તસ્ય તદૈવ હિ મધુરં યસ્ય મનો યત્ર સંલગ્નમં

'દહીં મધુર છે, મધ મધુર છે, દ્રાક્ષ મધુર છે અને સુધા- અમૃત પણ મધુર છે જ, પણ જે માણસનું મન જેમાં લાગ્યું છે તેને માટે તે જ પદાર્થ- વસ્તુ બાબત સૌથી વધારે મધુર લાગે છે.' જીવનમાં જ્યાં 'સમજણ' છે, એકમેકના સ્વભાવ, રસ, પ્રવૃત્તિના વર્તુળ, સ્તર- શોખ- આદતો- વર્તન- આચરણની સમાનતા હોય ત્યાં , જીવન- સંગીતમાં મધુર સ્વરનું જીવનગાન ગુંજતું રહે છે, ત્યાં સતત સંવાદ જ હોય, વિવાદ હોતો નથી. તારી 'હા' માં મારી 'હા' જ હોય કારણ પૂછવાનું જ ન હોય. કેટલાંક બૈરાં કે પતિઓ કોઈની વાતે (પતિ કે પત્ની) સહમત થઈ જ નથી શકતાં, વાત પૂરી સાંભળે ન સાંભળે કે તરત બોલ્યાં જ હોય, 'ઈ, તમે ક્યાં છો, ભલે પણ એનાં કરતાં આમ કરો તો બરાબર' કહી પોતાનો ચણા જેટલો મમરો મૂકી જ દે. કોઈ પણ પ્રસ્તાવમાં એમનું 'પછી' ના શ્રી ગણેશ પહેલાં જ હોય. નનૈયા- વિરોધ- ઠેલણવૃત્તિ એમનો સ્વભાવ હોય.

એટલે જ માણસનું મન જેમાં લાગ્યું હોય 'સમસંવેદન' ધરાવનાર વ્યક્તિ જ એને 'મધુર' લાગે છે પછી એ કડવી કે કદરૂપ હોય તોપણ.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)લાભની તક અટકે, મિલન-મુલાકાતમાં સફળતા રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) મહત્વના કાર્યમાં પ્રગતિ થાય. મનની ઇચ્છા ફળે.**
**મિથુન : (ક.છ.ઘ.)ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) )ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.**
**સિંહ : (મ.ટ.) વ્યર્થ ભાગદોડ કરવી પડે. સત્યપ્રવાહમાં ચાલતા હોઇએ તેવું અનુભવાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) નવિન તક સાંપડે. જીવનસાથીના સહકારથી કાર્ય સફળતા મળે.**
**તુલા : (ર.ત.) જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે. માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય.**
**ધન : (ભ.ફ.ધ.)આવકવૃધ્ધિના નવા માર્ગો ખૂલે. વિરોધીઓથી સાવધ રહેવું.**
**મકર : (ખ.જ.) કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.) નવિન લાભની તક સાંપડે. મનની મુંઝવણ દૂર થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) ધીરજના ફળ મીઠા મળે. નાણાંભીડમાંથી માર્ગ મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ફ્રાન્સની મહાન ક્રાન્તિમાં જે મહાન સન્નારીનું બલિદાન લેવાયું, એ મહાન ક્રાંન્તિકારી સ્ત્રી માદામ રોલાની પુણ્યતિથિ છે. એમનો જન્મ ફ્રાન્સની રાજધાની પેરિસમાં ઈ.સ.૧૭૪૧માં થયો હતો. એમનું મૂળ નામ માનો હતું. વાંચન જેટલું જ એમને સૃષ્ટિસૌદર્ય પ્રિય હતું. ક્રાન્તિપૂર્વે શોષણનાબુદી માટે શેલા દંપતીએ સમયના તકાજાને ઊલટભેર સ્વીકારી લીધો. જેકોબિનોએ ગેરમાર્ગે પ્રધાનમંડળને ઉથલાવી પાડી સત્તા હાથ ધરી, એ પછી જ અગ્રણી વિરોધી રાજદ્વારીઓની ધરપકડ અને હત્યા ચાલી એમા માદામ શેલા પણ ભોગ બની ગયા. આમ તા. ૮-૧૧-૧૭૯૩ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.investmentpoint.in
+91 99793 80808

## તા. ૦૮.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**શેરબજારની અફડા – તફડી યથાવત ..!! નફો બુક કરો...!!!**

**તા. ૦૭.૧૧.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૦૯ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૪૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૯૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૬૦ પોઈન્ટ થી ૧૦૩૩૦ પોઈન્ટ, ૧૦૩૧૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે.**

**૧૦૪૯૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

**તા. ૦૭.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૩૮૮ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૪૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૦૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૨૫૦ પોઈન્ટ થી ૨૫૧૮૮ પોઈન્ટ, ૨૫૦૮૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૬૦૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**લાર્સન લિમિટેડ (૧૨૧૯) :- કન્સ્ટ્રકશન ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૮૮ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૩૬ થી રૂ.૧૨૪૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૨૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**એશિયન પેઈન્ટ્સ (૧૧૫૧) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૧૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૬૭ થી રૂ.૧૧૭૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**ડિવિસ લેબ (૧૦૩૫) :- રૂ.૧૦૧૭ પ્રથમ તેમજ રૂ.૧૦૦૯ ના બીજા સપોટ-'થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૫૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**લ્યુપિન લિમિટેડ (૮૬૬) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૮૮૩ થી રૂ.૮૯૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૮૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**ઓરબિન્દો ફાર્મા (૭૮૬) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૭૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૦૩ થી રૂ.૮૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**HDFC લિમિટેડ (૧૭૭૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૯૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૦૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૫૮) :- રૂ.૧૬૮૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૯૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૬૩૭ થી રૂ.૧૬૨૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ઈન્ફોસિસ (૯૬૨) :- ટેક્નોલોજી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૯૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૩૬ થી રૂ.૯૩૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**HCL ટેક્નોલોજી (૮૭૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૯૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૬૦ થી રૂ.૮૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૦૯ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**સિપ્લા લિમિટેડ (૬૧૨) :- રૂ.૬૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૯૩ થી રૂ.૫૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૬૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

અંકલેશ્વર ભારતીય જનતા પાર્ટીમાં હડકંપ

# અંકલેશ્વર શહેર મહામંત્રી વિનય વસાવાનું પાર્ટીમાંથી રાજીનામુ

અંકલેશ્વર

ભારતીય જનતા પાર્ટીના અંકલેશ્વર શહેર મહામંત્રી વિનય વસાવાએ અચાનક પાર્ટી સામે રાજીનામુ ધરી દેતા ચકચાર મચી જવા પામી હતી. ચોરેને ચૌટે ચર્ચાનો વિષય બન્યો હતો.



રાજીનામાપત્રમાં તેમને તેમની નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર દ્વારા જાહેર સમારોહ યોજી બિન આદિવાસીઓનો આદીવાસી હોવાના પ્રમાણપત્રો આપવામાં આવ્યા જેની સામે ભારે નારાજગી છે. અંકલેશ્વર શહેરમાં આદીવાસી વિસ્તારોમા રોડ રસ્તાના કામોનું સૂચન કરવા છતાં કામ થતાં નથી. અંકલેશ્વર શહેરમાં આદિવાસી વિસ્તારોમાં યોગ્ય ધ્યાન ન આપતા અને કામ કરવાનું ધ્યાન દોરવા છતાં પણ કામમાં ધ્યાન આપવામાં આવતું નથી. પાર્ટીમા કાર્યકર્તાનું નહી પરંતુ બિલ્ડરો, ઉધોગકારો અને માલેતૂજારોનું સાંભળવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટી અંકલેશ્વર શહેરમાં પ્રોટોકોલ જેવી કોઈ સિસ્ટમ રહી કહેવાયું છે. તેમને પત્રમાં જણાવ્યું છે કે તેઓ છેલ્લા દશ વર્ષથી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા છે. જેમાં શરૂઆત બુથના એજન્ટથી લઈને રેલીઓમાં ભાગ લઈને કરી હતી. ત્યારબાદ આદિવાસી મોર્ચા અંકલેશ્વર શહેરના ઉપપ્રમુખની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ આઈટી સેલ ભરૂચ જિલ્લા સહકન્વીનરની જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં પાર્ટીએ કરેલા કામો અને પાર્ટીનો પ્રચાર કરવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમને ભરૂચ જિલ્લાના દરેક ૩ ડી સભાના આઈટી સેલના ઈન્ચાર્જ તરીકે કામગીરી કરી હતી.

# અંકલેશ્વર એસ્ટેટએ મેળવેલી જીતનું ઈનામ ક્યારે ?

અંકલેશ્વર

કેન્દ્ર સરકારની 'સ્વચ્છતા અભિયાન' ની યોજના અંતર્ગત સ્વચ્છ ભારત ના મિશન હેઠળ ગુજરાત સરકારે અતિ ઉત્સાહપૂર્વક ગુજરાતની ૧૮૨ જેટલી ઈન્ડસ્ટ્રીઝમા સ્વચ્છતા અભિયાનનું મિશન હાથ ધર્યું હતું જેમાં પ્રથમ ક્રમાંક મેળવાનારને ૨૫ લાખ, બીજા ક્રમને ૧૫ લાખ અને તૃતીય ક્રમ મેળવનારને ૧૦ લાખના રોકડ રકમના ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી. સરકારની આ યોજનામાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ પ્રથમ, પાનોલી બીજા ક્રમે અને ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝએ ત્રીજો ક્રમ મેળવ્યો હતો. ગુજરાતની ૧૮૨ ઈન્ડસ્ટ્રીઝ પૈકી આ ત્રણેય ઔધોગિક વસાહતો ભરૂચ જિલ્લાની હોવાથી આપણા સૌ માટે ગૌરવ અનુભવવાની વાત છે.પણ આ વિજેતાઓની જાહેરાતને એક વરસ પુરુ થયુ હોવા છતાં આ ત્રણેય ઈન્ડસ્ટ્રીઝની કુલ રકમ ૫૦ લાખ હજી સુધી ગુજરાત સરકાર ક્યા કારણસર ચુકવતી નથી ? એ પ્રશ્ન પૂછવા માટે આપણે હકદાર છીએ. વડાપ્રધાન મોદી અવારનવાર ઘણી યોજનાઓની જાહેરાત કરતા રહે છે. પણ એનો અમલ કેટલો થાય છે એ ક્યારેય કોઈ પુછતું નથી.આ ત્રણેય ઈન્ડસ્ટ્રીઝને વહેલામાં વહેલી તકે ઈનામી રકમ ચુકવી દેવામાં આવે તો સ્વચ્છતા માટે એ પ્રેરણાદાયી બની રહેશે.

# બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે નિમણુંક

ડીસા



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીની મંજુરીથી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ તથા ડીસા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની અનુમતિથી ગુજરાત પ્રદેશ માલધારી સેલ દ્વારા બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે શંભુભાઈ સરતાનભાઈ દેસાઈ (ડીસા) ની નિમણુંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે શંભુભાઈ ગુજરાતની અનેકવિધ સામાજીક-શૈક્ષણિક સંસ્થાઓમાં તથા ગુજરાત એસ.સી. એસ.ટી., ઓબીસી મહાસંઘ ગુજરાતના મહામંત્રી તરીકે સક્રિય સેવાઓ આપી રહ્યા છે.

# ગુજરાત રાયકા ક્લબ ડીસા દ્વારા શહીદવીર પ્રદિપસિંહ કુસ્વાહના પરિવારજનોને શોક સંદેશ પાઠવાયો

પ્રતિનિધિ વડાવળ



માં ભોમની રક્ષા કરતા કરતા અનેક વીર જવાનો શહીદી વહોરી લેતાં હોય છે. ત્યારે ગતરોજ જમ્મુ-કાશ્મીરના પુલવામાં આતંકીઓ સાથેની અથડામણમાં અમદાવાદના વીર જવાન પ્રદીપસિંહ કુસ્વાહ પણ શહીદી વહોરતા સમગ્ર ગુજરાતમાં શહીદ પ્રદિપસિંહ અને તેમના પરિવારજનો પ્રત્યે ગૌરવની સાથે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારે ડીસા ખાતે ગુજરાત રાયકા ક્લબના પ્રમુખ બળદેવભાઈ રાયકા દ્વારા પણ શહીદ પ્રદીપસિંહ કુસ્વાદના આ બલિદાનની તેમનો પિતા બ્રિજ કિશોરભાઈ જી અને તેમના પરિવારને શોક સંદેશ પાઠવ્યો હતો.

ભારતના આ વીર શહીદને શોક સંદેશ પાઠવતા રાયકા ક્લબ ડીસાના બળદેવભાઈ રાયકાએ પ્રદીપસિંહના પિતાજીને સંબોધી લખેલા શોક સંદેશમાં તમારા લાડકા દિકરાએ પોતાની નહિ પરંતુ આ ભારત રાષ્ટ્રની ચિંતા કરી ભારત માતાની રક્ષા માટે આતંકવાદીઓ સામે યુધ્ધ લડી શહીદી વ્હોરી છે.

# બહેનો ની સંસ્થા પ્રેરણા દવારા પ્રવાસ યોજાયો



વિષ્ણુ દવે

થરાદ

થરાદના પ્રેરણા લોક કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત, પ્રેરણા મહિલા ઉત્કર્ષ કેન્દ્ર ની સંવ્યસેવિકા બહેનો નુ ગત તારીખ - ૬/૧૧/૨૦૧૭ ના રોજ એક પ્રવાસ યોજાઈ ગયો. ગાંધીનગર ના અક્ષરધામ તેમજ ત્રીમંદીર અડાલજ જેવા પ્રેરણાપ્રદ જોવા લાયક સ્થળો ની મુલાકાત લેવાઈ હતી. સંસ્થામાથી રાવલ મીતાબેન, ત્રીવેદી સુરેખાબેન, પટેલ ઓખીબેન,ગઢવી કિરણબેન, પટેલ માવીબેન, નાઈ અમરીબેન, બ્રામણ વીમળાબેન, નાઈ હેતલબેન ,હરીજન સોનલબેન, બ્રાહ્મણ શ્રેયાબેન ,નાઈ ઢબુબેન વગેરે બહેનો હાજર રહ્યા હતા અને આ અવિસ્મરણીય પ્રવાસ નો આનંદ માણ્યો હતો.

બહેનો ના આ પ્રવાસ સંસ્થા દવારા નિશુલક રાખેલ હતો, તમામ ખર્ચ સંસ્થાએ ભોગ્વયો હતો. બહેનો માટે વિવિધ પ્રોગ્રામો ચલાવતી પ્રેરણા દવારા દર છ મહિને બહેનો ને મફત પ્રવાસ નો લાભ અપાય છે.

# નોટબંધીને આજે એક વર્ષ પૂર્ણ : મોદી ભ્રષ્ટાચાર વિરુદ્ધ નવી ઝુંબેશ શરુ કરશે

**નોટબંધી બાદ વડાપ્રધાને બેનામી સંપત્તિ સામે ધોકો પછાડવાનું નક્કી કર્યું હોવાના નિર્દેશો,દેશવ્યાપી ચાલશે અભિયાન**

ન્યુ દિલ્હી

નોટબંધીના એક વર્ષ બાદ આગળની રણનીતિ કયા પ્રકારની હશે એ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે રોડમેપ રજૂ કરી શકે છે. આને કઇ રીતે રજૂ કરવામાં આવશે એ વિશે ઉચ્ચસ્તરે વિચારવિમર્શ ચાલુ છે. ૧૦ નવેમ્બર પહેલાં તમામ કેન્દ્રીય પ્રધાનોની એક બેઠક બોલાવવામાં આવી છે, જેમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ આગામી અભિયાન વિશે સવિસ્તાર યોજના રજૂ કરવામાં આવશે. વિપક્ષની ટીકાની અવગણના કરતા વડાપ્રધાન મોદીના અધ્યક્ષપદમાં કેન્દ્ર સરકારે નોટબંધીનું એક વર્ષ પુરું થતાં ૮ નવેમ્બરે એન્ટિ-બ્લેક મની ડે ઉજવવાનો નિર્ણય કર્યો છે. વિપક્ષોએ આ દિવસે સમગ્ર દેશમાં વિરોધ દિવસ મનાવવાની ઘોષણા કરી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે વડાપ્રધાન મોદીએ નોટબંધી બાદ હવે પછી બેનામી સંપત્તિને નિશાન બનાવવાનું નક્કી કર્યું છે અને એની વિરૂધ્ધ મોટા પ્રમાણમાં દેશભરમાં અભિયાન ચલાવવામાં આવશે. નોટબંધીના એક વર્ષ બાદ સરકાર ભ્રષ્ટાચાર સામેની લડાઇ યથાવત રાખવાનો સંકેત આપવા માગે છે. પ્રસ્તાવિત અભિયાનમાં જો માલિકી - હકના પૂરતા કાયદાકીય પુરાવાઓ ન મળ્યા તો બેનામી સંપત્તિને સરકાર પોતાના કબજામાં લઇ શકે છે. આ બેનામી સંપત્તિઓને પણ ગરીબો માટેની કોઇ યોજના સાથે જોડવામાં આવશે, જે પ્રમાણે બ્લેક મની માટે લાવવામાં આવેલી ડિસ્કલોઝર સ્કીમમાં મળેલી રકમને વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજનામાં ઉમેરવામાં આવી હતી. સરકારને એવી આશા છે કે બેનામી સંપત્તિ સામેના પ્રસ્તાવિત અભિયાનમાં ઘણાં નેતાઓ પર પણ કાર્યવાહી થઇ શકે છે.

મોદી સરકાર ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સુધી આ મુદ્દાને જીવંત રાખવા માગે છે અને ભ્રષ્ટાચારના મુદ્દે જ એ ચૂંટણી લડવાની રણનીતિ બનાવી ચૂકી છે. સરકારના મતે એક વર્ષ બાદ જયારે નોટબંધી બાદ પરિસ્થિતિ સુધરી ચૂકી છે તો બીજું અભિયાન શરૂ થવાથી એનો સકારાત્મક સંદેશ ખાસ કરીને ગરીબોમાં જઇ શકે છે કે કાળુ નાણું ધરાવનાર અમીરો સામે સખત કાર્યવાહી થઇ રહી છે. ઉપરાંત ભ્રષ્ટાચારને રોકવા માટે બનેલા આ બિલ પર વડાપ્રધાન મોદી નિર્ણાયક પગલુ ઉઠાવી શકે છે.

# ગ્રન્ડફોસ ઈન્ડિયા ગુજરાતમાં પોતાની નવીમેન્યુફેકચરિંગ ફેસિલિટીનું (ઉત્પાદન એકમનું) અનાવરણ કરે છે




અમદાવાદ

એનર્જી એફિસિઅન્ટ (ઊર્જા–કાર્યક્ષમ) પમ્પ્સનાદુનિયામાં સૌથી મોટા નિર્માતા, ગ્રન્ડફોસ બળક એ આજે દાંતાલી,ગુજરાતમાં પોતાની સબસિડિઅરી ગ્રન્ડફોસ પમ્પ્સ ઈન્ડિયા પ્રા.લિ.(ગ્રન્ડફોસઈન્ડિયા) દ્વારા ચલાવવામાં આવનાર પોતાની લેટેસ્ટ મેન્યુફેકચરિંગફેસિલિટી લોન્ચ કરવાની ઘોષણા કરી છે. ફેસિલિટી બે એકડમાં ફેલાયેલી છેઅને ભારતના પશ્ચિમી તથા ઉત્તરીય ક્ષેત્રોમાં સ્ટેનલેસ સ્ટીલ પ્રોડકટસ, બૂસ્ટર્સ, અને બોકસ પ્રોડકટસ સપ્લાય કરશે. ફેસિલિટીનું ઉદઘાટન આના ડેનમાર્ક અને સિંગાપુરમાંના એશિયાપેસિફિક રીજનલ હેડકવાર્ટર્સમાંથી લીડર્સ દ્વારા કરવામાં આવ્યું."ગ્રન્ડફોસ ઈન્ડિયા માટે આ એક અગત્યનું વ્યૂહાત્મક પગલું છે. આ ફેસિલિટીગોઠવવા દ્વારા અમોએ ભારતના પશ્ચિમી તથા ઉત્તરી ક્ષેત્રોમાંપોતાની ઉપસ્થિતિ અને નેટવર્કને વધુ મજબૂત બનાવેલ છે. અમે૨૦૧૮ સુધીમાં ધરતી પર એકલાં ૨ બિલિયન પર પહોંચવાનો ધ્યેય રાખીએ છીએ."

"કંપનીના સસ્ટેનિબિલિટી ફોકસ પર સાચે જ ટકી રહેતાં, આ ફેસિલિટીગ્રન્ડફોસ માટે પરિવહનના સમય તથા અંતરને બચાવશે, આનાથી આ હફ ર્જરઘટાડા મારફત પર્યાવરણ પર પડતા પ્રભાવને ઘટાડશે. આનો અર્થ એ પણકે પશ્ચિમ અને ઉત્તર ભારતમાં અમારા ગ્રાહકો પોતાના ઉત્પાદનોની ઝડપી ડિલિવરી પણ મેળવશે", રંગનાથે ઉમેર્યું.

# "ધ ડ્રામા કંપની"માં અનુ મલિક, અલ્ફાત રાજા અને રવિના ટંડનની ધમાલ-મસ્તી



અનુ મલિક અને અલ્ફાત રાજા એ સોની એન્ટરટેઈનામેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત થતા વિકેન્ડ શો "ધ ડ્રામાકંપની"ના આ સપ્તાહના એપિસોડને શાયરી નાઈટમાં ફેરવ્યો. આ એપિસોડ નૃત્ય અને સંગીતની જુગલબંદી સાથેચોક્કસપણે મજેદાર બની રહેશે.રવિના ટંડન કલાકારો સાથે ડાન્સ કરીને ચાર ચાંદ લગાવશે. જોતા રહો ધ ડ્રામા કંપની દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ કલાકે ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર

# ટ્રુવિઝને રજૂ કર્યુ ફુલ એચડી ટીએક્સ૪૦૭ઝેડ – ૪૦ ઈંચના સ્માર્ટ ટીવી



ટ્રુવિઝન યૂરોપ સ્થિત કન્ઝ્યુમર ઈલેક્ટ્રૉનિક્સતથા એપ્લાયન્સેઝ કંપની છે, જેના દ્વારા દુનિયાભરમાં શ્રેષ્ઠગુણવત્તાયુક્ત ટેકનિકની રજૂઆત કરવામાં આવે છે. કંપનીએપોતાના નવા ૪૦ ઈંચના સ્માર્ટ ટીવી રજૂ કર્યા છે. આમાં ફુલ એચડીડિસ્પ્લે, હાઇ પર્ફોર્મન્સ એન્જિન તથા હાઇ-સ્પીડ રિસ્પૉન્સનીખૂબીઓ છે, જે તમને વિવિધતાપૂર્ણ અનુભવ આપે છે.આનું નિર્માણ સ્લિમ બેજેલની સાથે કરવામાં આવ્યું છે, જેદર્શકોને ટેલીવિઝન નિહાળવાનો શ્રેષ્ઠ અનુભવ આપવાની સાથે પોતાના રૂમની સજાવટને પણ વધારી દે છ. ૧૯૨૦ ૪ ૧૦૮૦ પિક્સેલના ફુલ એચડી ડિસ્પ્લેના ફુલ એચડી ડિસ્પ્લેરિઝૉલ્યૂશનની સાથે આ સ્માર્ટ ટીવી અસલી એચડી ઈમેજનો આનંદઆપે છે, જે તમને અનંત મનોરંજનની દુનિયામાં લઇ જાય છે."ટેલીવિઝનની દુનિયા નિરંતર આગળ વધી રહી છે અને દર્શકો વધુવિકલ્પ અને વધુ કનેક્ટેડ ઉપકરણોની શોધમાં છે. ગ્રાહક ઝંઝટમુક્તટ્રાન્ઝિશન અને અનુભવની શોધ કરી રહ્યા છે. આ વાતને સમજતાટ્રુવિઝને નવું ૪૦ ઈંચનું સ્માર્ટ ટીવી લૉન્ચ કર્યુ છે, જે વધુ બેમિસાલ સિનેમાઇ અનુભવ આપે છે.

# યૂપીએ સરકારમાં મનમોહનસિંહ મૌનબાબા બની રહ્યાં, હવે બોલવા લાગ્યા છેઃ રૂપાણી

ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ નર્મદા નદી પરના ડેમ બનાવવાની કામગીરી પૂર્ણ ન કરવા પર કોંગ્રેસને ઘેરતા રહ્યા છે. જેનો જવાબ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે આપ્યો હતો. નર્મદા ડેમનો પાયો નાખવાનું કામ પંડિત નહેરુએ કર્યુ હોવાનું તેમણે કહ્યું. તો મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ મનમોહનસિંહ પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, યુપીએ સરકારમાં અનેક કૌભાંડ આચરવામાં આવ્યા હતા ત્યારે મનમોહનસિંહે મૌન સેવ્યું હતું અને હવે ચૂંટણી નજીક આવતાં બોલવા લાગ્યા છે, જે તેમને શોભતું નથી.

ભાજપ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે, નર્મદા ડેમનો પાયો નાખવાનું કામ પંડિત નહેરુએ કર્યુ હતું અને વિશ્વ બેંકમાંથી ફંડ મેળવવા તેઓએ પ્રયાસ કર્યો. ખેડૂતોને ટેકાના ભાવ આપવામાં ભાજપ નિષ્ફળ ગઈ છે, તેવો મનમોહનસિંહે આરોપ લગાવ્યો હતો. તો સાથે જ આદિવાસીઓને મદદ કરવામાં પણ ગુજરાત સરકાર નિષ્ફળ ગઈ હોવાનું જણાવ્યું હતું.

ગુજરાતના પ્રવાસે આવેલા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ નિશાન તાક્યું છે. વિજય રૂપાણીએ જણાવ્યુ કે, યુપીએ સરકારમાં અનેક કૌભાંડ આચરવામાં આવ્યાં, પણ મનમોહનસિંહ બધુ જોતા રહ્યાં અને મનમોહનસિંહ મૌનબાબા બનીને બેઠા રહ્યાં, પરંતુ હવે ચૂંટણી આવતાની સાથે મનમોહનસિંહ બોલવા લાગ્યા છે, જે તેમને શોભતું નથી.

# જન વિકલ્પ દ્વારા ઉમેદવારની ઓનલાઇન પસંદગી શરૂ કરી

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ શંકરસિંહ વાઘેલાના નેજા હેઠળ જન વિકલ્પ મોરચા દ્વારા ભારતમાં સૌપ્રથમવાર ઉમેદવારોની ઓનલાઇન પસંદગી કરવાની જાહેરાત કરવામાં આવી છે. જન વિકલ્પ મોરચાએ વિધાનસભા ચૂંટણીને લઇ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી સોશ્યલ મીડિયા મારફતે સીધો લોકસંવાદ ઉભો કર્યો છે અને ગુજરાતના લોકોની સાચા અર્થમાં સેવા કરવા ઇચ્છતા ઉમેદવારોને ઓનલાઇન મારફતે જન વિકલ્પ મોરચાના ઉમેદવાર બનવાની તક પૂરી પાડવામાં આવી છે. આ માટે જન વિકલ્પ મોરચા દ્વારા તેની વેબસાઇટ પર ઉમેદવાર બનવા માટેનું અરજી ફોર્મ મૂકવામાં આવ્યું છે. આ મોરચો ઓલ ઇન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ટ્રેક્ટર ચલાવતા કિસાનના ચિહ્ન પર વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી લડી રહ્યો છે.

# ધાનેરા પોલીસે નેનાવા અને ભાંજણા નજીક રૂા.૪.૨૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

### રૂા.૧૫,૨૮,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત : બેની અટકાયત અને એક ફરાર


એન.કે.મોદી

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ધાનેરા પોલીસે સોમવારે રાત્રે ભાંજણા ગામ પાસેથી તેમજ ગઈકાલે બપોરે નેનાવા ચેક પોસ્ટ પરથી રૂા.૪.૨૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. બંન્ને જગ્યાએથી કુલ રૂા.૧૫,૨૮,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જો કે, ભાંજણા પાસે આરોપી ફરાર થઈ ગયો હતો. જ્યારે નેનાવા ચેક પોસ્ટ પરથી બે આરોપીઓની અટકાયત કરી હતી.

ધાનેરા પી.એસ.આઈ. પાઠક તથા તેમના સ્ટાફના પ્રકાશભાઈ, દિલાવરસિંહ, જબ્બરસિંહ, હરેશભાઈ, ભેમજીભાઈ વગેરેની ટીમો બનાવી સતત વોચ રાખવામાં આવી રહી છે ત્યારે સોમવારે રાત્રે ભાંજણા ત્રણ રસ્તા ઉપર પોલીસે વેગેનઆર ગાડીને રોકવાની કોશીશ કરતાં ગાડી ચાલક આગળ જઈ ગાડી મુકી ફરાર થઈ ગયો હતો. પોલીસે વેગેનઆર ગાડીની તલાસી લેતાં તેની ડેકીમાંથી કિંમત રૂા.૪૩,૨૦૦/- નો ૪૩૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આથી પોલીસે રૂપિયા એક લાખની ગાડી મળી કુલ રૂા.૧,૪૩,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ગઈકાલે બપોરે નેનાવા ચેક પોસ્ટ ઉપર ટાટા કંપનીની ગાતમાંથી રૂા.૩,૮૪, ૦૦૦/- નો ૧૩૨૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂા.૧૦ લાખની ગાડી તથા રૂા.૧૦૦૦/- નો મોબાઈલ મળી કુલ રૂા.૧૩,૮૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ નરપતસિંહ ભીમસિંહ દરબાર તથા મહાવીરસિંહ અચળસિંહ દરબાર, રહે. સોઢા ઢાંણી, રાજસ્થાનવાળાઓની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ધાનેરા તાલુકા સંઘ ટેકાના ભાવે મગફળીની ખરીદી કરશે

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘને ટેકાના ભાવે ખરીદી કરવાની સરકારે મંજુરી આપતા નાફેડ વતી. બનાસકાંઠા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., પાલનપુર (બનાસડેરી) દ્વારા ટેકાના ભાવે ૨૦ કીલોના રૂા.૯૦૦/- પ્રમાણે મગફળીની ખરીદીનું સેન્ટર ધી ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘને ફાળવવામાં આવેલ છે. જેથી ખેડૂતો મગફળીનું વેચાણ કરવા માટે નોંધાણી કરાવી, ટોકન લઈ માલ વેચવો, નોંધણી માટે આધારકાર્ડ જમીનનો ૮-અનો ઉતારો, મગફળીની વાવણી, ૭-૧૨ નો ઉતારો, તલાટી - મામલતદાર દ્વારા પ્રમાણીત કરેલ, જેમાં હેકટર દીઠ ૨૦૧૭માં વાવેતર દર્શાવિલ હોવું જરૂરી છે. ખેડૂતોનો બેંક એકાઉન્ટ નંબર, બેન્કની શાખાનું નામ, આઈએફએસસી કોડ વિગેરે વિગત દર્શાવતી બેંક પાસબુક તેમજ ઓરીજનલ કેન્સલ ચેક વિગેરે લઈ સંઘની ઓફીસે ખરાઈ કરવા મેનેજર માસુંગભાઈ ચૌધરીએ અખબારી નિવેદનમાં જણાવ્યું હતું.

# ચૂંટણીને અનુલક્ષી કલેકટરના અધ્યક્ષસ્થાને બોર્ડર વિસ્તારના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઇ

### ગુજરાતમાં ચૂંટણીના ત્રણ દિવસ અગાઉ રાજસ્થાનમાં બોર્ડર વિસ્તારની દારૂની દુકાનો બંધ રાખવા બનાસકાંઠા કલેક્ટરની અપીલ



પાલનપુર

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષીને ચૂંટણીપંચની ગાઇડલાઇન મુજબ બનાસકાંઠા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી આર.જે. માકડીયાના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા અને રાજસ્થાનના શિરોહી જિલ્લાના કલેક્ટર તથા પોલીસ અધિક્ષકની બાલારામ રિસોર્ટ ખાતે સંયુક્ત બેઠક યોજાઇ હતી.

બેઠકમાં કલેકટર આર.જે.માકડીયાએ જણાવ્યું કે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી દારૂની હેરાફેરી તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી બાજ નજર રાખીએ. તેમણે કહ્યું કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય કોઇ અનિચ્છનિય બનાવ ન બને અને શાંતીપૂર્વક ચૂંટણી યોજાય તે માટે નાની નાની બાબતોને ધ્યાનમાં લઇને પોલીસ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને સુદ્રઢ આયોજન કરવામાં આવ્યુ છે. તેમણે કહ્યુ કે ગુજરાતની જેમ રાજસ્થાન બોર્ડરના શિરોહી, ઝાલોર તથા બાડમેર જિલ્લાઓમાંથી દારૂની હેરાફેરી રોકવા માટે સચોટ આયોજન કરવામાં આવે તે જરૂરી છે. તેમણે જણાવ્યું કે અસામાજિક, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા બન્ને રાજયોના અધિકારીઓ સાથે મળી એકબીજાના સંકલનથી ચૂંટણી સુખરૂપ સંપન્ન કરશે.

અનુસંધાન પાના નં.૬

# કાતરવાની અમરજ્યોત હાઈસ્કુલમાં કોમ્પ્યુટર સામગ્રીની ચોરી

### વેકેશન દરમિયાન વિદ્યાલયમાંથી ચોરીનો બનાવ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

લાખણી તાલુકાના કાતરવા ગામના હાઈવે પર આવેલ અમરજ્યોત વિદ્યાલયમાંથી કોમ્પ્યુટર સામગ્રીની થયેલી ચોરી બાબતે વિદ્યાલયના ક્લાર્ક સુખાભાઈ રબારીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની મળતી વિગતો પ્રમાણે લાખણી તાલુકાના કાતરવા ગામે હાઈવે પર આવેલ અમરજ્યોત વિદ્યાલયમાં કોમ્પ્યુટર મોનીટર નંગ- ૫ સી.પી.યુ. નંગ-૩ તેમજ ડી.ટી.એચ નંગ-૧ તેમજ એલ.ઈ.ડી. નંગ-૧ એમ કુલ મળી રૂપિયા ૯૦,૦૦૦/- હજારના કોમ્પ્યુટર સામગ્રીની ચોરી થયા અંગેની પોલીસ ફરિયાદ આગથળા પોલીસ મથકે અમરજ્યોત વિદ્યાલયના ક્લાર્ક સુખાભાઈ રબારીએ નોંધાવી છે. વેકેશન દરમિયાન ૧/૧૧ થી ૩/૧૧ સુધીના સમયગાળામાં કોઈ અજાણ્યા શખ્સો દ્વારા વિદ્યાલયના કોમ્પ્યુટર ક્લાસમાંથી કોમ્પ્યુટર સામગ્રીની ચોરી થઈ હોવાનું માલુમ પડતા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત

# જીઆઈડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂતનો વડગામ તાલુકાનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

### વડગામ ખાતે ભારતીય જનતા પાર્ટીનું કાર્યાલય ખુલ્લુ મુકાયું



ડીસા

ભારતીય જનતા પાર્ટી ગુ-જરાત પ્રદેશ દ્વારા વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીમાં જન - જન સુધી ભાજપના સુશાસનની સિધ્ધીઓ પહોચાડવા તા.૭ થી ૧૨ નવેમ્બર દરમિયાન "ગુ-જરાહત ગૌરવ મહાસંપર્ક અભિયાન" શરૂ થયું છે.

ગુજરાત ઔધોગીક વિકાસ નિગમના ચેરમેન બલવંતસિંહ રાજપૂત ગઈકાલે વડગામ મતવિસ્તારના લક્ષ્મીપુરા (મજાદર) અને મેમદપુર ગામોએ લોક સંપર્ક કરીને ગુજરાતના ગૌ-રવ તેમજ ગુજરાત અને દેશનું નામ સમગ્ર વિશ્વામાં રોશન કરનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વિકાસનો સંદેશ પહોંચાડ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ મેદનીને સંબોધતાં રાજપૂતે જણાવ્યું હતુ કે, મારા ૩૫ વર્ષના રાજકીય અનુભવમાં ખેડૂતો, યુવાનો અને મહીલાઓના પ્રશ્નોથી હું સંપૂર્ણ વાકેફ છું.

અનુસંધાન પાના નં.૬

### પાટીદાર સમાજ ભાજપથી વિમુખ કે સમર્થનમાં ?

# પાટીદાર મતદારોની વિધાનસભાની ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર પાવર નિર્ણાયક પરિબળ બનીને ઉભરી રહ્યો છે ત્યારે ગુજરાતના રાજ-કારણમાં ભાજપ અને કોંગ્રેસની સત્તા સામે પાટીદાર નારાજગીનું ફેક્ટર એ કાંઈ નવું નથી. જોકે વર્તમાન સ્થિતિને બાદ કરતાં ભુતકાળ તરફ જોવા જઈએ તો ૧૯૯૬ માં ભાજપની સરકાર બની ત્યારે તે સમયે શંકરસિંહ વાઘેલાએ બળવો કરી કેશુભાઈ પટેલની સરકારને ઉથલાવી હતી અને ત્યારબાદ નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી પદની ધુરા સંભાળ્યા બાદ ૨૦૦૨ માં કેટલાક પાટીદારો ભાજપ સામે પડયા હતા અને ૨૦૧૨ માં તો ખુદ કેશુભાઈ પટેલે ભાજપ સામે મોરચો માંડી પાર્ટી બનાવી ચૂંટણી શતરંજમાં ઉતર્યા હતા.

રાજકીય પક્ષો દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણી જંગની શરૂઆત કરી નાખી છે ત્યારે આ વખતે ચૂંટણીમાં પાટીદાર ફેકટર્સ પણ મહત્વનું બની રહેશે તેમ મનાઈ રહ્યું છે. જો કે આ સમાજ કોની તરફ તે અંગે ચિત્ર અસ્પષ્ટ બન્યું છે. ગુજરાતમાં પાટીદાર સમાજનો મોટા ભાગનો વર્ગ છેલ્લા ૨૦ વર્ષથી વધુ ભાજપ સાથે જોડાયેલો છે ત્યારે અનામત આંદોલનનો અચાનક જન્મ થતાં કેટલાક પાટીદાર લોકો ભાજપથી નારાજ બની ગયો છે.

તો બીજી તરફ હાર્દિક પટેલ સામે તેમના જ સમાજની શૈક્ષણિક, સામાજીક સંસ્થાઓએ અનામત આંદોલન પુર્ણ થવાનું જાહેર કરતાં જ વર્તમાન સ્થિતિ પણ બદલાઈ ચુકી છે ત્યારે આ સમગ્ર પરીસ્થિતિનો લાભ કોંગ્રેસ ઉઠાવે સ્વાભાવિક છે ત્યારે રાજકીય બદલાતા સમીકરણોની સહજ પ્રક્રીયા વચ્ચે કોંગ્રેસ પક્ષ હવે પાટીદાર સમાજને મનાવવા અનેક હથ-કડાં અપનાવી રહ્યું છે. આ બાબતે વચ્ચે હવે એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે કે પાટીદારોનો એક વર્ગ ભાજપની વિરૂદ્ધમાં જઈ રહ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર ચોક્સી સુવર્ણકાર એસોશિએશનનો રજતજયંતિ ઉત્સવ



### રજત જયંતિ વર્ષ નિમિત્તે ૨૫ કુંડી ગાયત્રી યજ્ઞનું કરાયુ આયોજન

પાલનપુર

પાલનપુર ચોક્સી સુવર્ણકાર એસોશિયેશન દ્વારા રવિવારે રજત જયંતિ વર્ષ નિમિત્તે ૨૫ કુંડી ગાયત્રી યજ્ઞ તેમજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાલનપુર ચોક્સી સુવર્ણકાર એસોશિયેશનને ૨૫ વર્ષ પૂર્ણ થતા રવિવારે એસોશિયેશનના રજત જયંતિ વર્ષ નિમિત્તે પાલનપુરમાં સોની સમાજની વાડી ખાતે ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ રાત્રે સ્નેહમિલન પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં પાલનપુર ચોક્સી એસોશિયેશનની મોબાઈલ એપ્શનુ લોન્ચીંગ દાતા આશિષભાઈ સોનીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્નેહમિલનમાં દાતાઓનું સન્માન તેમજ ૨૫ કુંડી ગાયત્રી યજ્ઞમાં બેઠેલા યજમાનોનું અને આમંત્રિત મહેમાનોનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યુ હતું. તેમજ સંગીત સંધ્યા કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પાલનપુર ચોક્સી સુવર્ણકાર એસો.ના પ્રમુખ નરેન્દ્રભાઈ સોની, મંત્રી ગી-રીશકુમાર સોની, ઉપપ્રમુખ કનુભાઈ સોની, અતુલભાઈ જોષી (ચોક્સી), સહમંત્રી સુરેશભાઈ શાહ, ખજાનચી રમેશભાઈ કોઠારી, ઓડિટર વિનોદભાઈ શાહ, સહિત સોની સમાજના પ્રમુખ ડૉ.સંજયભાઈ ધારાણી, આમંત્રિત મહેમાનોમાં દિનેશભાઈ શાસ્ત્રી,અમદાવાદથી જ વેલેક્સી ગ્રુપના ધવલભાઈ સોની સહિત મહેમાનો તેમજ એસો.ના સભ્યો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદ બેઠક ઉપર ભાજપ તરફે ટીકીટ આપવા લોક લાગણી



પ્રતિનિધિ કોતરવાડા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજ્યભરમાં શિયાળાની મોસમ શરૂ થતાં જ રાજકીય ગરમાવો તેજ બની ગયો છે બે મુખ્ય હરીફ પક્ષો ભાજપ અને કોંગ્રેસ ચૂંટણી જીતવા માટેની રણનીતિઓ ઘડવાની સાથે ઉમેદવારોની પસંદગી કરવામાં વ્યસ્ત બની ગયા છે ત્યારે થરાદ વિધાનસભા બેઠકની વાત કરીએ તો થરાદ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર લગભગ નિશ્ચિત હોઈ સામા પક્ષે ભાજપને સક્ષમ ઉમેદવારને ઉતારવા પડે તેમ છે ત્યારે થરાદ વિધાનસભા બેઠક ઉપર ઠાકોર સમાજની બહુમતિ વધુ છે. ત્યારે આ વખતે ભાજપ દ્વારા ઠાકોર સમાજને પ્રતિનિધિત્વ આપી સમાજના ધુરંધર આગેવાન જગતાજી ઠાકોર ઉપર પસંદગીનો કળશ ઢોળે તો આ બેઠક ભાજપના ફાળે જાય તેવુ નિશ્ચિત હોવાનું મનાઈ રહ્યુ છે. કોંગ્રેસના લગભગ ૬૦ વર્ષના શાસનમાં ખેડૂત ગરીબ અને દેવાદાર બની ગયો છે અને વેપાર ધંધા પડી ભાગ્યા હતા માટે ચાર તરફ કોંગ્રેસના કૌભાંડો અને ભ્રષ્ટાચારોએ માઝા મૂકી હતી. તેવા સમયે રાજયમાં ભાજપ સરકાર આવી અને રાજયની સ્થિતિ બદલી નાખી છે તેમાંય તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસન ધુરા સંભાળ્યા બાદ ખેડૂતલક્ષી અનેક યોજનાઓ બનાવી ખેડૂતોને સબસીડી રૂપે મદદ કરતાં ખેડૂતો પગભર થયા આ ઉપરાંત વેપાર ઉદ્યોગમાં ક્રાંતિકારી પગલા લેતાં વેપારીઓ પગભર થયા અને રોજગારીનું પ્રમાણ વધ્યું ગુજરાતને વિકાસશીલ રાજ્ય તરીકે ગુંજતું કર્યુ બાદમાં નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બની સમગ્ર દેશને વિશ્વના નકશામાં ચમકાવ્યું છે

અનુસંધાન પાના નં.૬

# રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કામગીરી માટેના કર્મચારીઓમાં ઘટાડો કરાયો

ગાંધીનગર

ગુજરાત રાજયની આવનાર વિધાનસભાની ચૂંટણીઓમાં જોડાનાર કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે. જો કે ચૂંટણીલક્ષી કામગીરી માટે ચૂંટણી પંચ દ્વારા વિવિધ કક્ષાના કર્મચારીઓની સંખ્યા ૧૨૫ ટકા રાખવાની હતી પરંતુ કર્મચારીઓની ખેંચ, કામ પ્રત્યેના ઠાગાઠૈયાના કારણે રાજય ચૂંટણી કમિશ્નર બી.બી.સૈન ૧૦ ટકા ઘટાડવાનો નિર્ણય કર્યો છે અને હવે માત્ર ૧૧૦ થી ૧૧૫ ના સ્ટાફ રાખી ચૂંટણીલક્ષી કામગીરી કરાવાશે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણીલક્ષી કામગીરીમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડી દેવાનો નિર્ણય રાજય ચૂંટણી પંચે કર્યો છે જેમાં ૬૦૦ થી ઓછા મતદારો હશે તેવા સ્થળોએ પણ સ્ટાફમાં કપાત કરવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬

# અંકલેશ્વર એસ્ટેટમાં સહયોગનો સ્નેહમિલન સમારોહ યોજાયો




અંકલેશ્વર

તા.૭ મી ડીસેમ્બરે અંકલેશ્વર એસ્ટેટમાં આવેલ ઈન્ડોફીલ કમ્પાઉન્ડમાં સહયોગ દ્વારા સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંકલેશ્વર એસ્ટેટના ઉધોગકારો અને સપ્લાયરોએ ભાગ લીધો હતો.

ઈન્ડોફીલ કમ્પાઉન્ડમાં યોજાયેલ સહયોગના સ્નેહમિલન સમારોહમાં અંકલેશ્વર નોટીફાઈટ એરીયાના ચેરમેન હિંમત શેલડીયાએ સૌને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. તેમજ અંકલેશ્વર એસ્ટેટમાં વર્ષ દરમ્યાન થયેલ કાર્યો અને થનાર કાર્યો વિશેની માહીતી આપી હતી. તેમજ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ મહેશ પટેલે સંવત ૨૦૭૪ નું નવું વર્ષ સૌના જીવનમાં સુખ શાંતિ અને સમૃધ્ધિ લાવે તેવી આશા વ્યક્ત કરી હતી. સાથે જણાવ્યું હતું કે સોની આશા સમાન કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવાની કાર્યવાહીનું કામ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેની ઉંડાણપૂર્વકની માહીતી આપી હતી.

આ સ્નેહ મિલન સમારોહમાં એઆઈએના ઉપપ્રમુખ જશુ ચૌધરી, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના મેનેજીંગ કમિટીના સભ્યો, ઉધોગકારો, સપ્લાયરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતીવાડા તાલુકામાં ગૌરવ સંપર્ક અભિયાનની શરૂઆત


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ગુજરાત ગૌરવ અભિયાન અંતર્ગત દાંતીવાડા તાલુકામાં મંગળવારથી ૧૨ નવેમ્બર સુધી ગૌરવ સંપર્ક અભિયાનની શરૂવાત કરાઈ છે.

ગૌરવ લોક સંપર્ક અભિયાન અંતર્ગત દાંતીવાડા તાલુકા પંચાયતના પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી એ ગુંદરી ગામે બુથો માં લોકસંપર્ક કરી કેન્દ્ર સરકારે તેમજ ગુજરાત સરકારે કરેલ વિવિધ કામગીરીની વિગત સાથેની પત્રિકાઓ મતદારોના હાથો હાથ આપી કાર્યકર્તાઓ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. ગૌરવ લોક સંપર્ક અભિયાનમાં ગુંદરી ગામના ડેરીના મંત્રી વકત્તાભાઈ પુરોહિત, કનકસિંહ સોલંકી, લાલસિંગ ગોહિલ, જયસિંહ સોલંકી,હરસનભાઈ પુરોહિત જોડાયા હતા.

# વાવ રાજવીની લાખણીથી ગેળા હનુમાનજીની પદયાત્રા


દિલિપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

ગેળા હનુમાન દાદાની ખ્યાતિ દિવસેને દિવસે ધતી જાય છે અને ભક્તોની મનોકામના પુર્ણ થાય છે. ગતરોજ સોમવારના દિવસે સાંજે વાવ સ્ટેટના રાજવી ગજેન્દ્રસિંહજી ચૌહાણની ગુજરાત સરકારના અન્ન અને નાગરીક પુરવઠા નિગમમાં ડીરેક્ટર તરીકે નિમણુંક થવાથી લાખણીથી ચાલતા ગેળા હનુમાનજી ના દર્શનાર્થે પધારેલ જ્યાં ગેળાના ગામ લોકો દ્વારા આ વિસ્તારના રાજવી રાણા સાહેબ પધારતાં હોઈ તેમનું ઢોલ સાથે વાજતે ગાજતે ઉશમાભેર સ્વાગત કરવામાં આવેલ અને મોટી સંખ્યામાં તેમનું સન્માન તથા સ્વાગત કરવા ગામ લોકો હાજર રહેલ. આ પ્રસંગે લાખણીથી વાવ રાજવી ગજેન્દ્રસિંહજીની સાથે થરાદ વિધાનસભાના કોંગ્રેસના અગ્રણી ગુલાબસિંહ રાજપુત તથા થરા દરબાર સાહેબ વનરાજસિંહ વાઘેલા, વાવ યુવરાજ શિતરાજસિંહ ચૌહાણ, પદમસિંહજી વાઘેલા, રાણસિંહજી વાઘેલા, બહાદુરસિંહજી વાઘેલા, નરપતસિંહજી વાઘેલા, બાબુસિંહજી ચૌહાણ, અમરસિંહ ભેમસિંહ વાઘેલા, ભાણજી મહારાજ તથા અન્ય સ્નેહીજનો પણ સાથે પગપાળા યાત્રામાં જોડાઈ હનુમાન દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# લાખણી મુકામે કરણી સેના રાજપુત સમાજનું સ્નેહ મિલન


દિલિપ પુરોહીત

(પ્રતિનિધિ)

લાખણી

લાખણી મુકામે કરણી સેના રાજપુત સમાજના અધ્યક્ષ સ્થાને સ્નેહમિલન યોજવામાં આવેલ જેનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં એકતા લાવવાનો તથા હાલમાં પદમાવતી ફિલ્મ રજૂ થનાર છે તેમાં રાજપુત સમાજના સાચા ઈતિહાસને તોડી મરોડીને ખોટી વાર્તા ઉભી કરી રાજપુત સમાજને અપમાનીત કરે તેવી ફિલ્મનો વિરોધ કરવાનો ઉદ્દેશ પણ આ સ્નેહ મિલનનો હતો. રાજપુત સમાજના યુવાનો દ્વારા આખા લાખણી નગરમાં બાઈક રેલી યોજવામાં આવેલ ત્યામબાદ માર્કેટયાર્ડ સામે સભા તથા સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ.

જે પ્રસંગે શ્રી કરણી સેના રાજપુત સમાજના સ્થાપક લોકેન્દ્રસિંહજી કાલેતી, શ્રી રાજપુત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહજી મકરાના, વાવ સ્ટેટના રાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણ, દાંતા સ્ટેટના મહારાજ પરમવિરસિંહજી પરમાર,

અનુસંધાન પાના નં.૬

# ભા.વિ.પ. ઉત્તરપ્રાંત ગુજરાતનો "સ્નેહમિલન" સમારોહ નડાબેટમાં યોજાયો



ડીસા

રાષ્ટ્ર સેવાને સમર્પિત સંસ્કાર ઘડતર કરતી ભારત વિકાસ પરિષદ ઉત્તર પ્રાંત ગુજરાતનો સ્નેહ મિલન કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના સરહદી પ્રાંત અને આસ્થા કેન્દ્ર સમા નડેશ્વરી માતાના સાનિધ્યમાં નડાબેટ ધામમાં સંપન્ન થયો. અહીંથી સર્વે મહાનુભાવો ઝીરો પોઈન્ટ જઈને જવાનોને પ્રોત્સાહન કરવા સાથે ફ્રુટ, મોમેન્ટો , મીઠાઈ વગેરે લઈને ગયા હતા. "જવાનો જાગે છે ત્યારે જ અમે સુઈ શકીએ છીએ. તેવી ભાવના વ્યક્ત કરીને એકબીજા સાથે તાદાત્મ્ય કેળવવા સુમધુર પ્રયત્નો થયા હતા.

આ પ્રસંગે ડીસા શાખા સહિત અન્ય શાખાઓના પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને દિવાળીની તથા નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

**જાહેર નોટીસ**

**મહે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાલનપુરની કોર્ટમાં**

નં.જન્મ-મરણ અરજ નં.૧૯/૨૦૧૭

અરજદાર:- મગનભાઈ ભીખાભાઈ કાપડી
રહે.મડાણા (ગઢ), તા.પાલનપુર, જિ.બનાસકાંઠા

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
મડાણા (ગઢ) ગ્રામ પંચાયત મુ.મડાણા (ગઢ), તા.પાલનપુર

અરજ :- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ - ૧૩ (૩) મુજબ જન્મનો દાખલો મેળવવા બાબત..

આથી તમામ લાગતા વળગતાં ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી મગનભાઈ ભીખાભાઈ કાપડીની પુત્રી આરતીબેન મગનભાઈ કાપડીનો જન્મ તા.૨૫/૪/૨૦૦૮ ના રોજ થયેલ છે. તેની નોંધણી ગ્રામ પંચાયત કચેરી, મડાણા (ગઢ) ના દફતરે થયેલ નથી. જેથી અરજદારની પુત્રી આરતીબેન મગનભાઈ કાપડીના જન્મની નોંધણી અંગે જે કોઈને વાંધો કે તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં જાતે અગર પોતાના વકીલ મારફત હાજર રહેવું તેમ કરવામાં કસૂર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

આજરોજ તા.૧૬/૧૦/૨૦૧૭ ના રોજ સહી તથા સિક્કો કરી આપેલ.

તૈયાર કરનાર (જે.ડી.પરમાર) કારકુન | કોર્ટ સિક્કો | રૂબરૂમાં (એમ.ટી.જોષી) શિરસ્તેદાર

**ભારત સંચાર નિગમ લિમિટેડ**
(ભારત સરકારનું સાહસ)

**પ્રેસ નોટ**
**ટેલીફોન અદાલત**

પાલનપુર ટેલીકોમ જીલ્લાની વર્ષ 2017-18ની ચોથી ટેલીફોન અદાલત તારીખ 22/11/2017ના રોજ BSNL ઓફીસ જોરાવર પેલેસ ખાતે રાખવામાં આવેલ છે. જે ગ્રાહકોને ટેલીફોન સેવાથી સંતોષ ના હોય તેઓએ વિગતો સાથે સહાયક મહાપ્રબંધક (ઓપરેશન) GMTDની કચેરી, BSNL, પહેલો માળ, જોરાવર પેલેસ, પાલનપુર-૩૮૫૦૦૧ અથવા ઈમેલ એડ્રેસ sdeoppalanpur@gmail.com ઉપર તા. 20/11/2017 સુધી મળી જાય તે રીતે પોતાની રજૂઆત મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ખુલ્લો મંચ**

ગ્રાહક સેવામાં સુધારણા હેતુથી 23/11/2017 ના રોજ સવારે 11.00 થી 13.00 કલાક સુધી એસ.ડી.ઓ.પી. પાલનપુર, ટેલિફોન એક્સચેન્જ, દિલ્હીગેટ, પાલનપુર ખાતે ખુલ્લા મંચનું આયોજન કરેલ છે. આ ખુલ્લા મંચમાં ટેલીકોમ સેવાઓ જેવી કે નવું ટેલિફોન જોડાણ, વિકાસ, કાર્યક્રમ વગેરેની ચર્ચા કરવામાં આવશે. ધ્યાન રાખવું કે વ્યક્તિગત ફરિયાદ માટે આ ખુલ્લો મંચ નથી. વ્યક્તિગત ફરિયાદ માટે અલગ યોજાતી અદાલતમાં ભાગ લેવા વિનંતી છે.

મહા પ્રબંધક દૂરસંચાર જીલ્લા
પાલનપુર દૂરસંચાર જીલ્લો, પાલનપુર-385001

# તંત્રી સ્થાનેથી ...

## સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...

# દેશમાં ખેડુતોના પ્રશ્નો હલ થશે તો અર્થતંત્ર સુધરી શકશે

શહેરી અર્થતંત્ર કરતાં સરકારે ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવવાની જરૂર છે, જો કે વર્તમાન સંજોગોમાં ચાલુ વર્ષે ચોમાસુ સારું હોવાના કારણે કૃષિક્ષેત્રમાં ઘણી આશાઓ મંડાઈ છે. અને ગ્રામીણ અર્થતંત્રમાં સુધારો થશે તે વાત પણ ચોક્કસ છે દેશના અર્થતંત્રનો આધાર ચોમાસા પર નિર્ભર હોય છે. જો સારી સીઝન જાય તો ખેડુતો મોટા પ્રમાણમાં ખરીદી કરતા હોય છે. તેમાં ખેતીના સાધનો ઉપરાંત મોટર વાહનો, ટી.વી., ફ્રીજ, મોબાઈલ, ઘરવખરી અને ખુટતી અન્ય ચીજોની ખરીદી કરતા હોય છે.

ચોમાસુ સારુ ગયું હોય અને અનાજ તેમજ શાકભાજી વધુ પ્રમાણમાં થાય તો સારા ભાવ પણ મળે છે. હકીકતમાં દેશમાં હજુ સુધી સિંચાઈ પધ્ધતિ પૂરેપૂરી વિકસી નથી. જેથી ખેડુતોને મોટાભાગે વરસાદ પર જ આધાર રાખવો પડતો હોય છે. આજે મહારાષ્ટ્ર, કર્ણાટક, ત્રિપુરા, વગેરે રાજયોમાં આપણી દેશી પધ્ધતિથી સારી એવી ખેતી થાય છે. ક્યાંક ઈઝરાઈલ પધ્ધતિથી પણ ખેતી થાય છે. તેનાથી કૃષિ આવકમાં ઘણો ફેર પડે છે. આજે ગુજરાતના ઘણા વિસ્તારોમાં ઈઝરાયલની પધ્ધતિથી ખેતી થતી હોવાથી ખેડુતો માલામાલ થઈ રહ્યા છે.

વર્તમાન સંજોગોમાં પૈસા માત્ર ખેડુતો ખેતી માટે નવા રોકાણ પણ કરે છે. આ શક્ય ત્યારે જ બને કે ચોમાસુ સારું ગયું હોય. પાક સારો થતાં ભાવ પણ સારો મળવાનો છે. તે વાત પણ ચોક્કસ છે.

આજે દેશમાં કૃષિક્ષેત્રને લગતા સાધનોમાં વધારો થઈ રહ્યો છે. તાતા મોટર્સ જેવી કંપનીઓના વેચાણમાં પણ વધારો થયો છે. આ કંપનીએ ભારતમાં ૧૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. આ કંપની ગુજરાત પર મોટી આશા રાખીને બેઠી છે. ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી કૃષિ વિકાસ દર સરેરાશ બે થી ત્રણ ટકા વધુ રહ્યા છે. કંપનીઓનું વાહનોનું વેચાણ ૪૨ ટકા જેટલું વધ્યું છે.

સરકાર ખેડુતોની આવક બમણી થાય તેવું ઈચ્છી રહી છે. આથી ખેતી ક્ષેત્રે રોકાણ વધુ થાય તો આવક પણ વધે અને ખેડુતોને ફાયદો થઈ શકે, કેન્દ્ર સરકારે કૃષિ, ડેરી, તેમજ અન્ય ધંધામાં રોકાણ વિદેશી રોકાણ વધે તેવા પ્રયાસો હાથ ધર્યા છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ફસલ યોજના, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અને ઓઈલ હેલ્થ કાર્ડની યોજના રજુ કરી છે. તમામનો હેતુ ખેડુતોને મહત્તમ વળતર આપવાનો છે.

નોટબંધી અને જીએસટીના કારણે ઘણા ઉદ્યોગોને માર સહન કરવો પડ્યો છે. ટેક્સટાઈલ બિલોનું ભવિષ્ય પણ અંધકારમય જણાય છે. જો કે જીએસટીના દરમાં ફેરફાર કરવાની સરકારે વાત જણાવી છે તેનાથી કેટલો ફેર પડે છે.તે જોવાનું રહ્યું સરકારે ઉદ્યોગો કરતા કૃષિક્ષેત્રે વધુ ધ્યાન આપવું જરૂરી છે. કેમ કે કૃષિની સાથે સાથે ફુડ પ્રોસેસિંગનો વિકાસ સારો એવો આગળ વધી રહ્યો છે. તેનાથી ખેડુતોને પોતાના ઉત્પાદનની વૃધ્ધિ મળી શકે. પરંતુ તે માટે ખેડુતો જુની પધ્ધતિ દુર કરી થોડું જોખમ લઈ નવા કૃષિ પ્રયોગો કરવાની ખાસ જરૂર છે. તેમજ પાકની પધ્ધતિ બદલવાની દિશા તરફ ધ્યાન આપવું પડશે.

ખેતીમાં ખેતમજુરોની સમસ્યા ગંભીર બની રહી છે. આથી ખેતરોમાં સ્માર્ટ બનીને ઓછી મહેનતે કઈ રીતે વધુ ઉપજ થાય છે. તે જોવાનું રહ્યું. સરકારે ખેડુતોના જીવનમાં હકારાત્મક ફેરફાર આવે તે માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ. ખેડુતોના જે તે પ્રશ્ન હોય તેને વાચા આપીને તે પ્રશ્નો હલ કરવા પડશે. વર્તમાન સંજોગોમાં ગરીબને સામાન્ય વર્ગના ખેડુતો જે બેહાલ સ્થિતિમાં જીવી રહ્યા છે. તે બાબતે પણ સરકારે પોતાના દ્રષ્ટિકોણમાં બદલાવ લાવી તમામ પ્રકારની મદદ ખેડુતોને કરવી જોઈએ ત્યારે કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવી શકાશે.

## કવિશ્રી આનંદી...

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે.' એવું જગપ્રસિદ્ધ વાક્ય જેમણે સર્જ્યુ તેવા ક્રાંતિકારી નેતા લોકમાન્ય તિલકનું મૃત્યુ થયું. મુંબઈમાં ઈ.સ.૧૯૨૦ માં તેમની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. એ સમયે ગાંધીજી પણ એ સ્મશાન યાત્રામાં જોડાયા હતા. સોળ વર્ષનો એક યુવાન પણ એ સ્મશાન યાત્રા જોવા આવેલો. એ સ્મશાનયાત્રા જોઈને ભાવવિભોર બની ગયેલા એ નાનકડા યુવાનની લાગણી ખળભળી ઉઠી ને તેનાથી બે નાની પંક્તિઓ સર્જાઈ ગઈ.

**'ગયો છે હિંદનો હીરો કમર**
**કસજો તમે વીરો,**
**લડત લડજો સત્યાગ્રહથી કમર**
**કસજો તમે વીરો.'**

આ પંક્તિઓ લખીને ગુજરાતી દેશી નાટકના તે સમયના ગુજરાતી નાટ્ય જગતના વિખ્યાત નાટ્યલેખક મૂળશંકર મૂલાણી પાસે આવીને બતાવ્યું. મૂળશંકર મૂલાણીએ પંક્તિઓ જોઈ. જરાક માથું ધૂણાવ્યું. 'ઠીક છે, પણ કાળીદાસ, તારે તો નાટકના મુખ્ય નાયક સુધી પહોંચવાનું લખવું હોયતો નાટકનાં ગીતો લખ...'

ગુરુએ કહ્યું ખરું, પણ કાળીદાસ ભોજકના મનમાં વિચાર આવ્યો કે કેવળ પેટ ભરવા માટે જ મારો જન્મ થયો છે? દેશ સેવા માટે હું કાંઈ ના કરી શકું? એક બાજુ કવિ મૂળચંદ મૂલાણી જેવા શિલ્પીના હાથે ઘડાઈને નાટ્ય જગતમાં નામ કરી જવાની તમન્ના અને બીજી બાજુ દેશ તરફનું ખેંચાણ. એમાં કાળીદાસ ભોજક અટવાઈ ગયા.

બનાસકાંઠા જિલ્લાના વડગામના વતની કાળીદાસ ભોજકનો જન્મ ઈ.સ. ૧૯૦૪ માં થયો હતો. ઘરની સ્થિતિ સાવ અકિંચન. માંડ એકાદ ધોરણ સુધીનો અભ્યાસ કર્યા પછી આજીવિકા માટે નાટક કંપનીમાં જોડાવવું એવો તેમણે વિચાર કર્યો અને મુંબઈમાં ચાલતી ગુજરાતી નાટક કંપનીમાં તેઓ ઈ.સ.૧૯૧૮ માં જોડાયા. ગુજરાતી નાટક કંપનીમાં એ સમયે એક પ્રચંડ પ્રતિભાનો તેમને પરિચય થયો. તે પ્રતિભા એટલે કવિ શ્રી મૂળશંકર મૂલાણી. કાળીદાસ ભોજકને બચપણથી જ કવિ થવાના કોડ. વારસાઈ ધંધા પ્રમાણે ગાવું. વગાડવું. સંગીતની જાણકારી વગેરે તો હોય જ. થયું. કે કવિ બનવું. કવિ મૂળશંકર મૂલાણીને જોતાં જ બીજ પાંગર્યું. નાટકમાં નાના નાના રોલ કરતાં કરતાં કવિ મૂળશંકર મૂલાણી પાસે બેસીને એ પિંગળનું જ્ઞાન પ્રાપ્ત કરવા લાગ્યા.

નાટકને ભવાઈ આમ તો મૂળભૂત રીતે નાયક, તરગાળા મીર અને ભવાયાનો વિશિષ્ટ વ્યવસાય. પરંતુ ગુજરાતી રંગભૂમિના પ્રારંભે એમાં બીજી ઘણી કોમના લોકો પણ ઉમેરાયા. તેમાં આગળ પડતું તરી આવતું નામ છે. મૂળચંદભાઈ મૂલાણીનું. સૌરાષ્ટ્રનો આ લોહાણો નાટક કંપનીમાં જોડાયો. કવિ, નાટ્યલેખક, દિગ્દર્શક એમ અનેક ક્ષેત્રોમાં તેમની પ્રતિભા એવી પાંગરી કે દેશી ગુજરાતી રંગભૂમિના સર્વોચ્ચ નાયક બાપુલાલ નાયકે પણ પોતાના અભિયન ગુરુ તરીકે કવિ શ્રી મૂળચંદ મૂલાણીનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

કવિશ્રી મૂલાણી સંસ્કૃત, ગ્રીક અને અંગ્રેજીના નાટકોના ઊંડા અભ્યાસી હતા. પ્રસિદ્ધ કલાકાર જયંશકર સુંદરી પણ જેમના દિગ્દર્શનમાં કામ કરતાં અહોભાવ અનુભવે તથા કવિશ્રી મૂલાણીના પગ પાસે બેસીને જાતને ઘડવાનું સૌભાગ્ય માને તેવા કવિશ્રીની પાસે કાળીદાસ ભોજકને રહેવાનું થયું. નાટ્ય જગતમાં પણ તેમનું નામ થાત, પણ કાળીદાસ ભોજકના મનમાં આઝાદીની લડતનું બીજ રોપાયું




ને તેમણે ગુજરાતી નાટક કંપની છોડી. ભવિષ્યમાં થનાર એક નાટ્ય કલાકાર આમ ઉગતાં જ આથમી ગયો. લોકમાન્ય તિલકના સ્મરણમાં અંજલિ રૂપે લખાયેલ કાવ્યની તેમણે એક હજાર પ્રત છપાવી અને ગલીએ ગલીએ જઈને ગાવા લાગ્યા. પછી તો એ પ્રતનું વેચાણ પણ થયું. એમાંથી તેમને રસ્તો મળી ગયો. સ્વરાજ માટે ચળવળ ચલાવવી, સ્વરાજના ગીતો લખવાં, એ કવિતાઓ છપાવવી, વહેંચવી ને એમાંથી જે મળે તેમાંથી જીવનનિર્વાહ ચલાવવો.

વર્ધામાં એ ગાંધીબાપુને મળવા ગયા. ત્યાં એમણે એક કવિતા લખીને બાપુના ચરણોમાં ધરી.

'રેંટીયો રંકોને રોટલી અપાવતો, ગાંધીબાપુના અંતરમાં વ્યાપતો,
ફૂરસદના ટાંકણે ફરતો એ કૂદડી,કૂદડીમાં સર્જાતી ભારતની ચૂંદડી'

ગાંધીબાપુ કવિની રચના જોઈને અત્યંત પ્રસન્ન થયા અને તેમણે કાળીદાસ ભોજકને 'કવિ આનંદી' નું બિરૂદ આપ્યું. એ પછી તેઓ કવિ આનંદી તરીકે વિખ્યાત થયા. ગાંધીબાપુના આદેશથી પહેલું કામ તેમણે ઉપાડ્યું, વિલાયતી કપડાંનો બહિષ્કાર. એ ગામડાઓમાં જતા, લોકોને સમજાવતા અને લોકોની હાજરીમાં શીઘ્ર કવિતા બનાવીને બુલંદ સ્વરે ગાતા.

**'બેઠી છે સર્વ સિદ્ધિ જાવા**
**હિન્દુસ્તાનની,**
**વિદેશોમાં વહી જાય છે**
**જિંદગાની હિન્દુસ્તાનની.'**

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે,' એ સૂત્રે તેમને એટલા બધા અભિભૂત કરી દીધા હતા કે હવે કોઈના ય બંધનમાં રહેવું નહીં, એવો સંકલ્પ કર્યા ને કોઈપણ સંસ્થામાં જોડાવવું નહીં; ને જ્યાં પરાધીનતા દેખાય, ત્યાં મક્કમતાથી વિરોધ કરવો એવો નિર્ધાર તેમણે કર્યો. એમણે ગામડામાં જઈને જોયું કે ગામડે- ગામડે વેઠ પ્રથા વ્યાપેલી છે. એક તરફ જાગીરદારોની લઘુમતી ને બીજી તરફ વેઠિયાઓની બહુમતી. કવિનું અંતર હચમચી ઊઠે. જાહેરમાં એ વેઠપ્રથા વિરુદ્ધ લલકાર છે.

મુંબઈમાં એ સમયે જન્મભૂમિ વર્તમાન પત્ર શરૂ થયેલું. તેના તંત્રીશ્રી શામળદાસ ગાંધી. તેઓ શામળદાસ ગાંધીને મળ્યા અને જન્મભૂમિની નકલો વેચીને પોતાનો જીવ નિર્વાહ ગુજારશે તેવી વાત કરી. આ શામળદાસ ગાંધી કે જેમણે જુનાગઢના નવાબે જ્યારે જૂનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કરી દીધું, ત્યારે જૂનાગઢને આઝાદ બનાવવા 'આરઝી હકૂમત' ની સ્થાપના કરી. લોકલડત ઊભી કરી અને એમની આગેવાની નીચે જૂનાગઢ પાકિસ્તાનમાંથી સ્વતંત્ર થઈને ભારતમાં જોડાયું. એવા આઝાદીના ચાહક શામળદાસ ગાંધીએ કવિની માતૃભૂમિ માટેની અપાર મમતાને પારખીને તેમને જન્મભૂમિની નકલો વેચવા આપી. કવિ શ્રી મુંબઈની ગલીઓમાં ફરી ફરીને જન્મભૂમિ દૈનિકની નકલો વેચતા અને તેમાંથી જે નફો મળે તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતા.

થોડા વર્ષો સુધી તેમણે છાપાની નકલો વેચી, પણ એમાં પેટિયું પણ પૂરું મળે નહીં આખરે તેઓ અમદાવાદ આવ્યા. ઈ.સ. ૧૯૩૫ માં તેઓ અમદાવાદમાં તેમના બાળમિત્ર પ્રતાપચંદ પૂનમચંદ શાહને મળ્યા. આ પ્રતાપચંદ શાહ સામાજિક કાર્યકર હતા. પ્રતાપચંદ શાહના સંપર્કને કારણે તેઓ સિરોહીના એક નેતા ગોકુળભાઈ ભટ્ટના પરિચયમાં આવ્યા. શ્રી ગોકુળભાઈ ભટ્ટ રાજસ્થાનના શિરોહી સ્ટેટની સામે લડત ચલાવી રહ્યા હતા. સિરોહી સ્ટેટનું વર્તન મનસ્વી હતું. લોકો ઉપર ખૂબ અત્યાચારો થતા હતા. ગોકુળભાઈ ભટ્ટે અમદાવાદમાં આવીને 'સિરોહી રાજ્ય પ્રજામંડળ' નામનું એક સંગઠન બનાવ્યું અને સિરોહી સ્ટેટ લડત આદરી. કવિ શ્રી આનંદી ગોકુળભાઈના કાર્યથી પ્રભાવિત થયા ને તેમની સાથે જોડાયા. ગોકુળભાઈ ભટ્ટે કવિશ્રી આનંદીની તેજ નિષ્ઠાને પારખીને સિરોહી રાજ્ય પ્રજામંડળનું સુકાન તેમને હાથમાં સોંપ્યું. ગોકુળભાઈ ભટ્ટ ભાંગફોડ કે તોફાનોમાં માનતા ન હતા, પણ બેઠા પ્રચારથી અને સમજાવટથી લોકો હૃદય પર વર્ષોથી જામેલી ગુલામી અને દહેશત દૂર કરી તેમનામાં નવચેતન લાવવામાં માનતા હતા. એ રીતે તેઓ પોતાના ગુરુની શિસ્તમાં આવ્યા અને અમદાવાદ, ભરુચ, અંકલેશ્વર, ઝગડીયા વગેરે સ્થળોએ ફરીને ત્યાંના મારવાડી વેપારીઓ અને મજૂરોની મુલાકાત લઈ તેમના વતનમાં ચાલતા ગુંડારાજ્ય સામે લડત આપવા અને ગોકુળભાઈના હાથ મજબુત કરવા તેમને સમજાવવા લાગ્યા. આ બધું કામ ચાલતું હતું, ત્યાં એક બનાવ બની ગયો. દારૂબંધીના એક કાર્યક્રમમાં ગાવા માટે અને જાહેરમાં વેચવા તેમણે એક કવિતા લખી:

**'છડેચોક પડે છાતી ઉપર ઘાવ**
**ચપ્પુના;**
**રૂધિરથી લાલ રંગાયા ખરા**
**દેખાવ ચપ્પુના.'**

આ કાવ્ય પંક્તિઓ સાવ સામાન્ય દેખાય છે.. પણ એની પાછળનો સંદર્ભ એટલો ઊંડો હતો કે જેનો આક્ષેપ સીધો અમદાવાદના મેજિસ્ટ્રેટ ઉપર હતો.

ક્રમશઃ

**- કનુ આચાર્ય**

## અભિષેક પ્રિયદર્શનની નવી ફિલ્મમાં રોલ કરે તેવી વકી

અભિષેક બચ્ચન પાસે હાલમાં કેટલીક ફિલ્મો રહેલી છે. જો કે તેની ફિલ્મો બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ રહી છે. આ વર્ષની શરૂઆતમાં એવા હેવાલ આવ્યા હતા કે અભિષેકે કેટલીક ફિલ્મોમાં કામ કરવા માટેની તૈયારી દર્શાવી છે. અભિષેકે જે ફિલ્મો સાઈન કરી છે તેમાં પ્રિયદર્શનની એક ફિલ્મ પણ સામેલ છે. હવે રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો બચ્ચન સિંહ નામથી ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ અગાઉ હાલમાં અભિષેકે ચર્ચા જગાવી હતી. કારણ કે અભિષેકે મહત્વકાંક્ષી ફિલ્મ જેપી દત્તાની પલટનમાં કામ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. અભિષેકે આ ફિલ્મ છોડી દીધી હતી. જો કે પ્રિયદર્શનની ફિલ્મના સંબંધમાં વધારે માહિતી મળી શકી નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પ્રિયદર્શનની ફિલ્મ ઉપરાંત તેની પાસે કેટલીક અન્ય ફિલ્મો પણ છે. જેમાં પ્રભુ દેવાની ફિલ્મ લેફ્ટી અને રાની સ્ક્રુવાળાની ફિલ્મનો સમાવેશ થાય છે. બીજી બાજુ અભિષેક હમેંશા સ્પોર્ટ્સમાં સક્રિય રહે છે. અભિષેક ફુટબોલ મેચોને લઈને ભારે ક્રેઝ ધરાવે છે. બીજી બાજુ દેશમાં કબડ્ડી જેવી રમતને પ્રોત્સાહન આપવા માટે તે સતત સક્રિય છે. અભિષેકને લઈને એકલા હાથ કોઈ મોટા નિર્માતા નિર્દેશક ફિલ્મ બનાવવા માટે જોખમ લઈ રહ્યા નથી. તે મોટા ભાગે મલ્ટી સ્ટારર ફિલ્મમાં જ નજરે પડે છે. જેમાં શાહરૂખ ખાન સાથેની હેપ્પી ન્યુ યરનો પણ સમાવેશ થાય છે. અભિષેક મોટી ફિલ્મો કરવા માટે પણ આશાવાદી છે. અભિષેક પાસે પત્નિ એશ સાથે ફિલ્મ કરવા માટે પણ ઓફર આવી હોવાના બિનસત્તાવાર હેવાલ આવ્યા છે.

### આત્મચિંતન

## સફળતા આત્મવિશ્વાસુને મળે છે

પ્રત્યેક કામ ત્યારે સફળ બને છે જયારે તેમાં દ્રઢ વિશ્વાસનું બળ રહે છે. દ્રઢ આત્મવિશ્વાસ જ તે માર્ગને સરળ બનાવે છે જે આપણને નિર્દિષ્ટ સ્થાન પર પહોંચાડી આપે છે. આત્મવિશ્વાસ જ કાર્યનું બળ છે તેના દ્વારા આપણામાં શક્તિનો એવો સ્ત્રોત ફુટી નીકળે છે જે અઘરામાં અઘરા કાર્યોને પણ સહેલાઈથી પુરૂં કરી આપે છે. આત્મવિશ્વાસમાં એવી તાકાત છે કે હજારો વિપત્તિઓનો સામનો કરીને તેમના પર પુરેપુરો વિજય મેળવી શકાય છે. તે મનુષ્યનો સાચો મિત્ર અને તેની સૌથી શ્રેષ્ઠ મુડી છે. આપણે જોયું છે કે સાધનાનો અભાવ હોવા છતાં પણ આત્મવિશ્વાસુ માનવીઓએ દુનિયામાં ગજબના કામ કર્યા છે. જયારે ઘણી સાધન સંપન્ન વ્યક્તિઓ વિશ્વાસના અભાવના કારણે સાવ નિષ્ફળ બની છે. જો આપણામાં એવો દ્રઢ વિશ્વાસ હોય કે આપણે મોટામાં મોટા કાર્ય કરી શકીએ છીએ, દુનિયામાં ઉંધુ ચત્તું કરી શકીએ છીએ. જો આપણામાં એવો વિશ્વાસ હોય કે મારામાં એક મહાન દૈવીતત્વ મોજુદ છે. અખુટ શક્તિનો ભંડાર ભરેલો છે તો આપણે નિઃસંદેહ દુનિયામાં મોટામાં મોટા કામ કરી શકીશું.

મનુષ્ય ઈશ્વરનો પુત્ર છે. તે તેની દૈવી સંપત્તિનો વારસદાર છે. તો શા માટે તેને પોતાની અખુટ શક્તિમાં દ્રઢ વિશ્વાસ ન હોય ? સાચી વાત તો એ છે કે આપણને પોતાની શક્તિનું જ્ઞાન નથી જેથી આપણે તેનો પુરતો વિકાસ કરી શકતા નથી.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સોનાલિકાએ ૮ લાખ ખેડૂતોનો સિમાચિન્હ હાંસિલ કર્યો અને ૨૦૧૭ના વર્ષમાં ઓક્ટોબર મહિના સુધીમાં સતત ૨૦ ટકાની વૃદ્ધિ સાથે ૯૦ દેશોમાં હાજરી સ્થાપી છે

સાતત્ય વિકાસની ગતિ અને નવીનીકરણની સાથે દેશની સૌથી યુવા અને ત્રીજી સૌથી મોટી ટ્રેક્ટર બ્રાન્ડ, આંતરરાષ્ટ્રિય ટ્રેક્ટર્સ લિમિટેડ (આઈટીએલ), સોનાલિકા અને સોલિસ ટ્રેકર્સના ઉત્પાદકે ગત મહિને ૮ લાખ ખેડૂતોનો સિમાચિન્હ હાંસિલ કર્યો છે. કંપની પાસે ૧ લાખથી પણ વધુ ખેડૂતોની સાથે આંતરરાષ્ટ્રિય હાજરી પણ ધરાવે છે અને લગભગ ૯૦ દેશોમાં નિકાસ દ્વારા તેની ફૂટપ્રિન્ટનું વિસ્તરણ કર્યું છે. ભારતમાં, કંપની મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, આંધ્રપ્રદેશ અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં મજબુત વૃદ્ધિની સાથે લગભગ ૭ લાખ ખેડૂતો સુધી પહોંચ્યા છે. ટેકનોલોજીકલી સુપિરિયર પ્રોડક્ટ જે કોઈપણ પ્રકારની જમીનમાં પર્ફોર્મન્સની વિશ્વસનિયતા આપે છે અને સાથોસાથ ખેડૂતોની વિવિધ ઉપયોગીતાની જરૂરિયાતોને સંબોધતી સંપૂર્ણ ઉત્પાદનોનો પોર્ટફોલિયો જેને કંપની માટે આ સફળતા હાંસલ કરી છે. કંપનીએ ૨૦૧૭માં આ વર્ષના ઓક્ટોબર માસ સુધીમાં સતત ૨૦ ટકાનો વૃદ્ધિદર નોંધાવ્યો છે. આજે સોનાલિકા આઈટીએલ ભારત અને વિદેશ એમ બંને બજારમાં ખેડૂતોની વિશ્વસનિય બ્રાન્ડ છે. ભૂતકાળમાં જોઈએ તો, કોઈપણ વિચારી ન શકે છે, ભારતીય યુવા ઓઈએમ આ રીતે મજબુત વૈશ્વિક પ્લેયર તરીકે આગળ આવી શકશે. પ્રોડક્શનનું પ્રથમ ટ્રેક્ટર જ એ મજબુત માન્યતા સાથે બહાર આવ્યું હતું કે, તેમને ફક્ત એક પ્રોડક્ટ તૈયાર નથી કરવી પરંતુ ખેડૂતો માટે સારામાં સારો વિકલ્પ તૈયાર કરવો છે.

## ક્લાસિક લીજેન્ડસ સીઝન ૪, પર જાવેદ અખ્તર પ્રથમ ક્રમાંકના સિંગર-કમ્પોઝર હેમંત કુમાર અંગેના કેટલાંક ઓછા જાણિતા તથ્યો છતાં કરે છે

વિખ્યાત મ્યૂઝિક કમ્પોઝર, સલીલ ચૌધરીએ એક વખત કહ્યું હતું, "જો ભગવાન કયારેય ગાવાનો નિર્ણય લે તો તે હેમંત કુમારના અવાજમાં એમ કરશે."હેમંત કુમાર ઉર્ફે હેમન્તા મુખર્જી એવા જૂજ ગાયકોમાંના એક હતાં જેઓ પોતાના અવાજના ઊંડાણ અને તળિયા સુધી જવા માટે જાણિતા હતાં. આ સાચે જ એ હતું જે તેમને



અલગત તારવતું હતું! એક ગાયક, કમ્પોઝર અને નિર્માતા, હેમંત કુમારે બંગાળી અને હિન્દી સિનેમા બન્નેમાં પોતાનું ચિહ્ન અંકિત કર્યું હતું. ગાયક, જેમનતાં ગીતો આજે પણ સંગીત રસિયાઓને વિસ્મિત કરી જાય છે, કેટલાંક ખૂબ જ આઈકોનિક નંબર્સ જેમણે પોતાની સુમધુરતા માટે બેન્ચમાર્ક સ્થાપિત કર્યા છે વાગોળવામાં આવે છે. અને, ક્લાસિક લીજેન્ડસ સીઝન ૪ ના આ વીકએન્ડના એપિસોડમાં, જાવેદ અખ્તરઆ લીજેન્ડરી કલાકારની નોંધપાત્ર મુસાફરીનું પગેરું રવિવાર ૧૨મી નવેમ્બરના રોજ રાત્રે જ ૭ કલાકે ઝી ક્લાસિક પર કાઢશે. "ઘણાં લોકોને એ ખબર નહીં હોય કે આનંદ મઠમાં (૧૯૫૨) વંદે માતરમની ખૂબ જ લોકપ્રિય ટયૂન હેમંત કુમાર દ્વારા જ કમ્પોઝ કરવામાં આવી હતી!" જાવેદ અખ્તર જણાવે છે.

કોઈ પણ ગીત ઉપાડવામાં જેને કસ મિનિટો જ લાગતી તેવા પુરુષ પોતાની પાછળ સાચે જ દેશ માટે ખજાનો કહેવાય તેવો વારસો છોડી ગયાં. દેવ આનંદની સાથે એમના ગીતોના સંગ્રહની સફળતા પાછળનું કારણ શું હતું? તેઓ અને તેમની પત્ની બેલા મુખર્જી કેવી રીતે મળ્યાં? ઝળહળતી મુસાફરી પર વધુ માટે, ક્લાસિક લીજેન્ડસ સીઝન , વિથ જાવેદ અખ્તર ચૂકશો નહીં રવિવાર, ૧૨મી નવેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૭ કલાકે ફક્ત ઝી ક્લાસિક પર

## બુધેલના સરપંચ દાનસિંહ મોરી સામે જીતુભાઈ વાઘાણીના ષડયંત્રોના વિરોધમાં રાજપૂત સમાજના હજારો લોકો આંદોલન કરશે



અમદાવાદ

રાજ્યની આર્થિક અને સામાજીક પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપતા રાજપૂત સમાજે ગુજરાત ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પ્રેસિડેન્ટ જીતુભાઈ વાઘાણી દ્વારા સત્તાના દુરુપયોગ કરીને ભાવનગરના બુધેલ ગામની ગૌચર ની જમીન ગેરકાયદેસર રીતે પડાવી લેવા માટે સરપંચ શ્રી દાનસિંહ મોરી ઉપર દબાણ લાવવા માટે કરેલા વિવિધ ષડયંત્રોની વિરૂદ્ધમાં આવતીકાલે મોગલ ધામ બગોદરા ખાતે હજારોની સંખ્યામાં રાજપૂત સમાજના લોકો ઉપસ્થિત રહીને જીતુ વાઘાણી સામે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે બુધેલ ગ્રામ પંચાયત હસ્તકની અંદાજે ૨૦થી૨૫ કરોડનું મૂલ્ય ધરાવતી ગૌચર જમીન ઉપર જીતુભાઈ વાઘાણીની નજર બગડતા તેમણે સરકારી તંત્ર મારફતે આડકતરી રીતે આ જમીન ઉપર કબજો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સરપંચ શ્રી દાનસંગ મોરીએ જીતુભાઈ વાઘાણીની માગને માન્ય રાખી ન હતી અને ગ્રામ પંચાયતે જમીન નહીં ફાળવવાનો ઠરાવ પસાર કર્યો હતો. આથી સરપંચ શ્રી દાનસંગ મોરી સામે દાઝ રાખીને જીતુભાઈ વાઘાણીએ પોતાની રાજકીય સત્તાઓ અને ઓળખાણોનો દુરુપયોગ કરીને દાનસિંહ મોરી ઉપર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેમની સામે ખોટા કેસો કરીને પરેશન કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. જીતુભાઈ વાઘાણીની દોરવણી હેઠળ દાનસંગ મોરીની સાથે-સાથે તેમના પરિવારજનો અને દિકરી-માતાઓને પણ પરેશાન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. સ્વચ્છ અને પારદર્શક છબી ધરાવતા શ્રી દાનસંગ મોરીને થતી હેરાનગતિ થી ગામના આસપાસના વિસ્તાર અને રાજપૂત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યાં હતાં અને જીતુભાઈ વાઘાણીની સામે આંદોલન કરીને જીલ્લા કલેક્ટરને આવેદનપત્રો પણ સોંપ્યાં હતાં. ઉપરાંત ઘટનાની વિરૂદ્ધમાં ગ્રામજનોએ ભારે રોષ વ્યક્ત કરીને પ્રદર્શનો કર્યાં હતાં, જે બાદ સમગ્ર મામલો કોર્ટમાં ગયો હતો.

## સોની દ્વારા ગ્લોબલ મેથ્સ ચેલેન્જની પાંચમી એડીશન માટે રજીસ્ટ્રેશનનો પ્રારંભ

નવી દિલ્હી

વિવિધ વયના ગણીતના ચાહકો માટે સોની ગ્લોબલ એજ્યુકેશન દ્વારા ઓનલાઈન સ્પર્ધાગ્લોબલ મેથ્સ ચેલેન્જ (જીએમસી)ની પાંચમી એડીશન માટે રજીસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા સ્પર્ધકોનીકોમ્યુટેશનલ (ગણનાત્મક) અને ચિંતનલક્ષી કૌશલ્યને પડકાર પૂરો પાડીને તેમના રોજબરોજના જીવનમાં નડતા અવરોધોને તાર્કિક અને સર્જનાત્મક રીતે હલ કરવાનો માર્ગ દર્શાવશે. સ્પર્ધામાં ફોર્મ્યુલા કરતાં સર્જનાત્મક તાર્કિક વિચાર પ્રક્રિયા ઉપર વિશેષધ્યાન કેન્દ્રિત કરાશે. જીએમસી અમેરિકાથી માંડીને જાપાન, ચીન, ભારત સહિત અનેક દેશોના ગણીતના ચાહકોને સ્પર્ધાની તકપૂરી પાડશે. આગાઉ દુનિયાભરમાં જીએમસીનું આયોજન ચાર વખત થઈ ચૂક્યું છે., જેમાં ૮૫ દેશોના ૨૫૦,૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો છે.

જીએમસીની પાંચમી એડીશનની વિગતો નીચે મુજબ છેઃ તારીખ તા. ૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ૦૯:૦૦ - ૧૦ ડિસેમ્બર ૨૦૧૭ ૨૩:૦૦ કલાકે સ્પર્ધકો આ ગાળામાં કોઈ પણ સમયે ટેસ્ટ આપી શકશે ડીએમસી સ્કૂલના ઉપયોગ કરનારા તેમના કાર્યક્રમ અનુસાર ટેસ્ટની તારીખ નક્કીકરી શકે છે.રજીસ્ટ્રેશન નો સમય નવેમ્બર ૬, ૨૦૧૭ થી ડિસેમ્બર ૧૭,૨૦૧૭પરિણામ જનરલ ટેસ્ટની તારીખ પછી પરીણામ અંદાજે એક સપ્તાહ પછી મળશેકઈ રીતે પ્રવેશ મેળવવો જીએમસીમાં સાઈનીગ કર્યા પછી સ્પર્ધક ચેલેન્જર તરીકે રજીસ્ટર થી શકશેભાષા અંગ્રેજી/ જાપાનીઝ /ચાઈનીઝકઈ રીતે જવાબ આપવા ટેસ્ટમાં મલ્ટીપલ ચોઈસ અને નંબર એન્ટ્રી અંગેના સવાલોનો સમાવેશ થશે.સ્પર્ધકો કેટલાકસેમ્પલ તરીકેના સવાલોનો ટ્રાય કરી શકશે. એવુ કરવાથી તેમને ગ્લોબલ મેથ ચેલેન્જનાસવાલોની પેટર્ન સમજવામાં આસાની થશે.ભારતભરના સ્પર્ધકો કોમ્પ્યુટર અથવા મોબાઈલ ડિવાઈસ મારફતે કોઈપણ સ્થળેથી સામેલ થઈ શકશે અને પોતાના વિશ્વના ગણીતના અન્ય ચાહકો સાથે પોતાના કૌશલ્યની કસોટી કરી શકશે. વિવિધ પ્રકારના પાંચ અટપટા કોર્સસ્પર્ધકોના શિક્ષણના સ્તર અનુસાર ગ્લોબલ મેથ ચેલેન્જમાં પ્રારંભિક ( ૬ વર્ષની ઉંમરથી શરૂ કરીને) થી માંડીને માસ્ટર લેવલસુધીના ( ૧૨ વર્ષ અને તેથી વધુ ઉંમર માટે) વિવિધ અટપટા કોર્સ ઓફર કરાયા છે.કોર્સનું નામ ભલામણ કરાયેલી ઉંમર સમયમર્યાદા Beginner ૬ વર્ષ સુધી ૩૦ મિનીટ Essential ૭ વર્ષ ૩૦ મિનીટ Intermediate ૮ વર્ષથી ૯ વર્ષ ૪૦ મિનીટ Advanced ૧૦ વર્ષથી ૧૧ વર્ષ ૪૦ મિનીટ Master 12 વર્ષ અને તેથી વધુ ૪૦ મિનીટ

## વાઈબ્રન્ટ સિરામિક્સ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપી રહ્યું છે



અમદાવાદ

ભારતની સિરામિક્સ ઉદ્યોગ એક સદી પહેલાં અસ્તિત્વમાં આવી હતી અને હવે સમય સાથે ઔદ્યોગિક આધાર રચવા પરિપક્વ થયો છે. વાઈબ્રન્ટ સિરામિક્સ એક્સ્પો અને સમિટ -૧૭ માટેનો રોડ શો ૬૫ થી વધુ દેશો અને ભારતના ૧૦૦ સ્માર્ટ શહેરોમાં કરવામાં આવ્યો છે.આ રોડ શો નું મુખ્ય કારણ સિરામિક ઈન્ડસ્ટ્રીમાં જાગૃતતા વધારવાનો હતો અને સિરામિક ઈન્ડસ્ટ્રીની વાત ત્યારે ચાઈના પછી તેઓ બીજા સ્થાને છે તે હકીકત સાબિત કરવાનો હતો.વધુ એક નોંધપાત્ર નિરીક્ષણ એ કરાયું હતું કે જો ભારતીય સીરામિક્સ ઉદ્યોગ ગુજરાતના મોરબીથી સીરામિક્સની ખરીદી કરવાનું શરૂ કરે તો ચીન જેવા આ ઉદ્યોગમાં યાદીમાં ટોચે છે તેવાં બધાં અન્ય રાષ્ટ્રને ભારત પાછળ મૂકી શકે છે.વાઈબ્રન્ટ સીરામિક્સ એક્સપો એન્ડ સમિટ (વીસીઈએસ) ૨૦૧૭ ગુજરાતના ગાંધીનગરમાં ટાઉનહોલ નજીક પ્રદર્શન કેન્દ્રમાં ૧૬-૧૯ નવેમ્બર, ૨૦૧૭ના યોજાશે. આ પ્રદર્શન ૫૦,૦૦૦ચોરસમીટર વિસ્તારમાં યોજાશે, જેમાં ૨૫૦થી વધુ પ્રદર્શનકારીઓ, ૪૦૦થી વધુ બ્રાન્ડ્સ અને આકાર તથા ડિઝાઈનમાં સેંકડોમાં સેરામિક્સ એક છત હેઠળ આવશે. "ભારત દુનિયામાં દ્વિતીય સૌથી વિશાળ ટાઈલ્સ બજાર છે. વૈશ્વિક ટાઈલ્સનિર્મિતી ૨૦૦૬-૨૦૧૩ના સમયગાળામાં ૬.૩ ટકાના વાર્ષિકીય દરે વૃદ્ધિ પામી છે ત્યારે ભારતમાં ટાઈલ્સનું ઉત્પાદન આ જ સમયગાળામાં ૧૨.૦ ટકા સાથે લગભગ બેગણું વધ્યં છે. સેરામિક ટાઈલ્સ ભારતમાં કુલ ટાઈલ્સની માગણીના ૬૦ ટકા આસપાસ છે અને ૨૦૧૪-૨૦૧૯ના સમયગાળામાં તે ૮.૭ ટકા સીએજીઆરે વૃદ્ધિ પામવાની ધારણા છે."

વાઈબ્રન્ટ સીરામિક્સની પ્રથમ આવૃત્તિ ગયા વર્ષે યોજાઈ તેમાં ૨૨ દેશમાંથી ૬૧૦થી વધુ વિદેશી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જ્યારે આ વર્ષે ૬૫થી વધુ દેશોમાંથી ૨૫૦૦થી વધુપ્રતિનિધિઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

## પદમાવતી સામે રાજપુત સમાજ લાલઘુમ




ફિલ્મ પદમાવતી લઈને છેલ્લા કેટલાય સમયથી વિવાદ ચાલી રહ્યો છે. તેવામાં આ ફિલ્મ થિયેટરોમાં રીલીઝ થશે તેને સળગાવી દેવામાં આવશે તેવી રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના અધ્યક્ષ સુખદેવસીંહ ગોગામેડીએ ચીમકી ઉચ્ચારી છે. ફિલ્મ રીલીઝ થશે અને તેમાં અશ્લીલતા હશે તો ભારત સરકારે આંદોલનની તૈયારી રાખવાની રહેશે. પદ્માવતી ફિલ્મને લઈને તેમણે જણાવ્યું હતું કે પદ્માવતી ફિલ્મ રાજપુત અને હિંદુ સમાજના ઈતીહાસ સાથે ચેડાં કરી બદનામ કરવાની ફિલ્મ છે. દાઉદ અને આઈએસઆઈના પૈસા આ ફિલ્મ ભણશાળીએ બનાવેલી છે. ફિલ્મ રોકવા માટે રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાએ પોલીસ કમીશ્નર, ચૂંટણીપંચ બ્રોડકાસ્ટીંગ મીનીસ્ટ્રી, થીયેટરના માલીકોને પત્ર લખી જાણ કરી છે. આ ફિલ્મ રીલીઝ કરનાર થિયેટરને સળગાવી દેવામાં આવશે. ફિલ્મ જોવા આવનાર લોકોને ઈજાની જવાબદારી સરકારની રહેશે. જો ભાજપે ચૂંટણી સુધી રીલીઝ રોકવામાં આવી તેવી જાણ થશે તો ભાજપનો સાર્વજનીક બહિષ્કાર કરીશું. ફિલ્મ રીલીઝ થશે અને અશ્લીલતા દેખાશે તો ભારત સરકારે પણ તૈયારી રાખવાની રહેશે. ભણશાળીને મુંબઈ જઈ ફિલ્મ બતાવીશું. આમ રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાએ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન પણ કર્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવી રાખીશું.

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...



## ૫ જ મિનિટમાં બનાવો વધેલા ભાતની કટલેટ....

૧ કપ બચેલા ભાત અથવા ફ્રેશ ભાત, ૧ મોટુ બટાકુ અથવા ૩/૪ કપ બાફેલા અને મસળેલુ બટાકુ
૩ ટેબલસ્પૂન મકાઈનો લોટ તમે તેના બદલે તમે સેકેલુ બેસન પણ લઈ શકો છો.
૧/૪ કપ છીણેલુ ગાજર, ૧/૨ કપ ઝીણી સમારેલી ડુંગળી, ૧/૨ કપ છીણુ સમારેલુ કેપ્સીકમ, ૨-૩ ચમચી સમારેલા ધાણા, ૧ ચમચી ચાટ મસાલો, ૧/૨ ટેબલ સ્પૂન હળદર, ૧/૨ ટેબલ સ્પૂન લાલ મરચુ પાવડર, સ્વાદ પ્રમાણે મીઠુ, ૧ ચમચી વાટેલુ અદરક, ૧ લીલુ મરચુ સમારેલુ
બનાવવાની રીત - સૌ પહેલા ભાતને સારી રીતે હલાવીને તેમા બાફેલુ બટાકુ, ગાજરનું છીણ, કેપ્સીકમ, ડુગળી, ધાણા, ચાટ મસાલો, હળદર, લાલ મરચું, મીઠુ અને આદુ નાખીને સારી રીતે હલાવો. ઉપરોક્ત બધી સામગ્રી નાખ્યા પછી ઉપરથી બેસન અથવા કોર્નફ્લોર નાખીને સારી રીતે મિક્સ કરો. બધી સામગ્રી સારી રીતે મિક્સ થાય ત્યા સુધી સારી રીતે મિક્સ કરતા રહો. પછી હાથ સાફ કરી લો અને એક બાજુ કઢાઈમાં તેલ ગરમ કરવા મુકી દો.



# પ્રમાણિક પતિની પત્નીની તકલીફો

### નારી ચેતના

ગંભીર મનોરોગ ડીપ્રેશન થવાના કારણોમાં મુખ્ય કારણ દામ્પત્ય પ્રશ્નોનું હોવાનું જણાયું છે. આ મુખ્ય કારણના પરિણામે ભારતમાં સ્ત્રીઓમાં ડિપ્રેશનનું પ્રમાણ બમણું નોંધાયું છે. આથી હું દામ્પત્ય પ્રશ્નોના ઉકેલ તરફ પણ આ લેખમાળાને લઈ જઈ રહ્યો છું. જેમાં પણ એવી સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને ચર્ચા કરૂં છું. જેમના પતિ પ્રમાણીક, હઠાગ્રહી, નિષ્ઠાવાન સિદ્ધાંત કેન્દ્રી કરકસરીયા કે ચીકણા છે તેવા પતિની પત્નીને હળવાશ જાળવવા માર્ગદર્શન કરૂં છું..

મમતાની વાત ટાંકુ એક દિવસ તેણે નવી સાડી પહેરી. તે સુંદર તૈયાર થઈ. તે પતિના ઘરે આવવાની આતુરતાથી રાહ જોતી હતી. તેવામાં પતિ આવ્યો.. તે રાબેતા મુજબ ફ્રેશ થયો. પતિના શુષ્ક વલણથી નીરાશ થઈને મમતાએ ધ્યાન ખેંચતી વર્તણુંકો શરૂ કરી. તોય પતિને કંઈ યાદ ના આવ્યું.. તેવામાં મમતાએ કહ્યું, 'મેં આજે નવી સાડી પહેરી છે તમે ના જોઈ ?' તો પતિ બોલ્યો, 'હશે, તે ખરીદી હશે..' તમારે બૈરાઓને સાડી ખરીદવા સિવાય બીજું હોય છે શું ?' ત્યારે અકળાઈને મમતાએ ખુલાસો કર્યો.. ' આજે આપણાં લગ્નની તારીખ છે આપણા લગ્નને દસ વર્ષ થયા.. મમતાની જેમ મોટા ભાગની સ્ત્રીઓને લગ્નની તારીખ, જન્મદિવસ વગેરેનું મહત્વ હોય છે. ભલે ખર્ચાળ પાર્ટીના અપાય મોંઘી રેસ્ટોરામાં જમવા ન જવાય, ઉંચી કક્ષાની હોટલમાં રૂમ રાખીને મધુરજની ના થાય.. તો ચાલે પણ પતિ સાવ ફિક્કું વર્તન કરે તો પત્ની દુઃખી થાય. એ અલગ વાત છે કે પતિ લગ્નતિથીએ લગ્ન કરવા બદલ પસ્તાતો હોય છે..

મમતા જેવી મહિલાઓને વિચારો બદલવા ભલામણ છે. કદાચ તમારો પતિ લગ્નની, જન્મની તારીખ કે તહેવારના દિવસે તમને મહત્વ આપવાનું ભુલી જતો હશે પરંતુ તેની એક વાત મુલવો તે તમારી સગવડો, તમને સરળતા સાંપડે, તમારી તબિયત સારી રહે તમને યોગ્ય ભોજન મળે, તમારૂં ઘર વ્યવસ્થીત રહે વગેરેની પુરી કાળજી રાખે છે. જીવવા માટે સંબંધો જાળવવા માટે કાળજી રાખવી સૌથી મહત્વનું છે. વળી પ્રમાણિક પુરૂષ જેમ તમને મહત્વ આપતો નથી તેમ બીજી કોઈ સ્ત્રીને પણ પ્રાથમિકતા આપતો નથી. જે વ્યક્તિ નિષ્ઠાવાન છે તે ભાવનાઓને નિયંત્રણમાં રાખે છે તેને મન સાથ નિભાવવો જ નિષ્ઠા છે. તેને મન કુદરતે આપેલા સંબંધો જ યોગ્ય છે. આથી તેના જીવનની પ્રથમ નારી તમે જરહેવાન્હા છો.. સહજ સરખામણી કરો તમે ઝંખો છો તેવી રોમાંચક વર્તનો કરનારો પુરૂષ શું એકનો થઈને રહેશે ખરો ? આમ તમે પતિની વફાદારીમાં પ્રેમ અનુભવો.

મોજીલી અને રંગીન મિજાજની વ્યક્તિ માટે સ્ત્રીને આપમેળે પ્રેમ થાય પણ પ્રેમને ટકાવવા માટે સંબંધોની સલામતી અને તમારી કાળજી એટલી જ મહત્વની છે. ઘણાં યુગલો છે કે જેઓને ના ગમતી વ્યક્તિ સાથે પરણવું પડેલું. તેઓએ વર્ષો સાથ નિભાવ્યો. ત્યારે એ જ યુગલમાંની માતા બનેલી સ્ત્રી તેની દિકરીને પ્રેમનો સાચો પાઠ ભણાવે છે..કારણ કે સાથે રહ્યા તેનું મહત્વ હતું.

મારી મોજણી મુજબ દર ૧૦૦ માંથી ૩૦ પુરૂષ નિષ્ઠાવાન છે. સાથે સાથે તેનામાં પૌરૂષી એકાધિકાર ભાવ, ઉપરીપણું, સ્વચ્છંદતા, સંવેદનશીલતા કે વિશિષ્ટતા હશે. પતિનો સ્વભાવ સ્વીકારીને અનુકુળ થવા તમને આ ચર્ચા કામ આવે છે.

નિષ્ઠાવાન પતિનો સત્રીની દ્રષ્ટીએ અવગુણ હોય તો સિદ્ધાંતો છે. જો પતિ સરકારી કર્મચારી છે તો તે કાયદા અને નીતી નિયમો ઘરમાં લાવે છે. તેનાં બાળકોને ઓછી સવલત મળે તો ભલે પણ ખોટો રૂપિયો

અનુસંધાન પાના નં.૬ ઉપર

# બાળકોને ટીવીમાં આવતા ગપ્પા કાર્યક્રમો જોવા દેવાને બદલે પુસ્તકો વાંચવા તરફ વાળો

### બાળ ઉછેર

દ્દભારતમાં સૌપ્રથમ ટેલીકોમ ક્રાંતિ લાવનાર ડો. સામ પિત્રોડા અમરેલી એક સમારોહમાં આવ્યા હતા. જેમાં તેમણે ભારતના ટેકનોલોજી ક્ષેત્રમાં હાર્ડવેર તેમજ બાયોટેકનોલોજીમાં ભારે પડકાર હોવાનું જણાવેલ હતું તેમજ દરેક વાલીઓને બાળપણથી બાળકોને ટેલીવીઝનમાં આવતા ગપ્પા કાર્યક્રમોના બદલે વિવિધ ક્ષેત્રના વાંચન તરફ વાળવા સલાહ આપી હતી.

અમરેલીના કામનાથ મંદિરના પટાંગણમાં અખિલ ગુજરાત લુહાર સુથાર સમાજ દ્વારા 'વિશ્વકર્મા રત્ન એવોર્ડ' નામે એક સમારોહ યોજયો હતો. આ કાર્યક્રમમાં લુહાર-સુથાર સમાજના આગેવાનો, લુહાર સાપ્તાહીકનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો તેમજ અધ્યક્ષ સ્થાને ટેલીકોમ ક્રાંતિના પ્રણેતા ડો. સામ પિત્રોડા આવ્યા હતા. જેમણે ભારતમાં સૌપ્રથમ આ ક્રાંતી લાવી ભારતને ટેકનોલોજીની દુનિયામાં નવો રાહ ચીંધ્યો હતો.

તેમની સાથે તેમના પત્નિ અંજુબેન તેમજ દુરદર્શન અમદાવાદના પૂર્વ ડાયરેકટર જયંતભાઈ પંચાલ સહીતના હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આગેવાનોએ ડો. સામ પિત્રોડાનું મોમેન્ટો- શાલ આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડો. સામ પિત્રોડાએ ટેકનોલોજી ક્ષેત્રમાં પોતાના યોગદાનના પાછલા ૫૦ વર્ષોની યાત્રાનો ટુંકો પ્રવાસ કરાવ્યો હતો કે તેઓ બોટ લઈને કઈ રીતે અમેરીકા અભ્યાસ કરવા ગયા. ત્યાંથી તેઓ ભારત આવ્યા બાદ કનેકટીવીટી માટે રાજીવ ગાંધી તેમજ ઈન્દીરા ગાંધીને મળ્યા. કઈ રીતે તેમણે ટેલીકોમ ક્ષેત્રે પ્રગતિ કરી તેની વાત જણાવી હતી.

હાલ ટીવી માધ્યમો દ્વારા જે જુઠાણા ફેલાવવામાં આવે છે તેનાથી દુર રહેવા તાકીદ કરી હતી.

આ ઉપરાંત બાળકોને હોંશિયાર બનાવવા સલાહ આપી હતી. નાનપણથી જ બાળકોને ટીવીમાં આવતા ગપ્પા

કાર્યક્રમો જોવા દેવાને બદલે વિવિધ ક્ષેત્રના પુસ્તકોનું વાંચન કરવા તરફ વાળવા જણાવ્યું હતું.

ટેકનોલોજી ક્ષેત્રમાં ભારતની હાલની સ્થિતિ કેવી છે તેના વિશે તેમણે કહ્યું કે ભારતનું સોફટવેર ક્ષેત્ર સારૃ છે પરંતુ હાર્ડવેર તેમજ બાયોટેકનોલોજી ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે તે પડકારરૂપ છે. જો કે નવી કેટલીક ટેકનોલોજી આગામી સમયમાં લોન્ચ થઈ રહી છે તેવું કહ્યું હતું.

વધુમાં તેઓએ ઉમેર્યુ હતું કે આપણા દેશમાં ૩૦ કરોડ ગરીબ વર્ગ છે. રાજીવ ગાંધીના સમયમાં પણ ભ્રષ્ટાચાર હતો. આજે પણ છે

અને ભવિષ્યમાં પણ રહેશે. સરકારની ઘણી બધી યોજનાઓ ચાલે છે પરંતુ તેનો સાચો ફાયદો સાચા લોકો ઉઠાવી શકતા નથી. ગામડે ગામડે એસોસીએશન કરી સરકારની યોજનાનો લાભ લેવો જોઈએ.

### રસથાળ

ડ્રાયફ્રુટ બિસ્કીટ

સામગ્રી : બટર ૫૦૦ ગ્રામ, ખાંડ દોઢ વાટકી, શુગર પફ ૨ વાટકી, કોર્નફ્લેક્સ બે વાટકી, સોજી ૧ વાટકી, દુધ પોણી વાટકી, કોપરાનું છીણ ૧ વાટકી, ગોલ્ડન સીરપ ૧ ચમચી, સોડા બાયકાર્બોનેટ ૧ ચમચી, બદામ, પિસ્તા, કાજુ જરૂરીયાત મુજબ.

રીત : સૌ પ્રથમ બટર ખાંડ અને સોડાને ફીણી તેમાં દુધ ઉમેરી બધું એકરસ થાય ત્યાં સુધી ફીણો. ત્યારબાદ એમાં સોજી, કોપરાનું છીણ, શુગર પફ, કોર્નફ્લેક્સ, ગોલ્ડન સીરપ વગેરેને મીકસ કરી તેને ૨૦ મીનીટ ફ્રીજમાં રાખો. પછી તેમાં નાના નાના ગોળ લુઆ વાળીને તેના પર બદામ, પિસ્તા તથા કાજુને બારીક સમારીને તેની સજાવટ કર્યા પછી ઓવનમાં બેક કરી લો. હવે આ બિસ્કીટને ચા કે અન્ય નાસ્તા સાથે સર્વ કરો.

૦૦૦૦

નટ ચીકી મન્ચીઝ

સામગ્રી : પલાળેલી છોલેલી બદામ અડધો કપ, કાજુ અડધો કપ, અખરોટ અડધો કપ, તલ અડધો કપ, ગોળ દોઢ કપ, કેસર થોડા તાતણા. ઘી ૧ ચમચો.

રીત : કાજુ અને બદામને સહેજ શેકી અને અધકચરા ટુકડા કરો. ત્યારબાદ અખરોટનો ભુક્કો કરો. એક ટ્રેને ગ્રીસ કરો ગોળને એક પેનમાં ઓગાળી તેમાં કેસર ભેળવો. ગોળ બરાબર ઓગળી જાય એટલે તેમાં શેકેલા તલ, કાજુ, અખરોટ, બદામ નાખી સારી રીતે મીકસ કરો.

આ મિશ્રણને ગ્રિઝ કરેલી ટ્રેમાં કાઢી તેના પર હળવે હાથે વેલણ ફેરવી ઉપરની સપાટી એકસરખી કરો. ઉપર થોડું ઘી લગાવી તેના મનપસંદ આકારના ટુકડા કરો. ઠંડુ પડે એટલે ટુકડા અલગ કરી સર્વ કરો.

સરગવાનું લોટવાળું શાક

**સામગ્રી** સરગવાની સીંગ પાંચ સો ગ્રામ ચણાનો લોટ બસો ગ્રામ આમલી, હળદર પચ્ચાસ ગ્રા મીઠું, ગોળ, મરચું

રીત : સરગવાની સીંગને ધોઈને નાના ટુકડા કરી તેને પાણીમાં મીઠું નાખી બાફી નાખો.ચણાના લોટને તેલ વિના જરા ગુલાબી રંગનો શેકો. આમલી ધોઈ તેનું પાણી કરો. આંબલી ન હોય તો છાશ લો.આંબલીનું પાણી, ચણાનો લોટ, મરચું, મીઠું, હળદર, ગોળ ભેગા કરી લોટનું પાતળું ખીરું બનાવો.તપેલીમાં તેલ મૂકી, રાઈ- હિંગ નાખી, લોટને વધારી, લોટનું પાણી વધારો કે તરત જ હલાવતાં રહો, નહીતર ગાંઠો પડી જશે.લોટ, જરા ઘટ્ટ લાગે કે તરત જ બાફેલી સીંગ તેમાં નાખી ચમચાથી હલાવતા રહો.

# જાણે એક કિનારો

### આગ ભીતર ભીતરની

રેણુ વિષ્ણુકુમાર બારોટ

ઓફીસેથી કંટાળીને આવી હતી. ખીચડી અને રીંગણ બટાકાનું શાક બનાવવાની હતી. સવારે ઓફિસ જતી વખતે અમોલે કહેલું.. અમોલ મારો પતિ કયારેક અને જાત જાતના ખાવાના અને મને ભોગવવાના ચાળા સુજી આવતા. પણ હું સંસાર સુખી રહે એ માટે સામે દલીલ કરતી નહીં..એના રાજીપામાં મારો રાજીપો માનીને આગળ વધતી. અમારા સંસારમાં અમે બે જણા હતા. હું અને અમોલ ત્રીજું કોઈ ન હતું.. સંતાન રૂપે કુદરતની મહેરબાનીની ઈચ્છાઓ રાખી હતી જે પાર પડી ન હતી. મને સંતાન મામલે ઘણીવાર દુઃખ થતું.. કયારેક નિરાશાની આંધી ઉઠતી ત્યારે પ્રેમના બે સારા શબ્દોની અપેક્ષા રાખતી પણ અમોલ કહેતો 'ના થયું તો સારૂં થયું..' જીંદગી ઘણે લાંબે સુધી ભોગવવા મળશે.. બાકી સંતાન હોય તો..

હું એમની સામે જોઈ રહેતી.. દુનિયાભરના યુગલો પોતાનો વંશ આગળ વધે એમ ઈચ્છતાં હોય છે. જયારે આ પણ હું દલીલ કરતી નહીં..એને કદાચ મારા શરીરમાં વધુ રસ હોય અને આવી કલ્પનામાં હોય.. પણ એ વાત બીજી હતી..

તુવેરની દાળની ખીચડીની પહેલી સીટી વાગી.. હું જોડે ઉભી હતી.. બટાકા રીંગણા કાપીને તૈયાર કરૂં ત્યાં બીજી ત્રીજી સીટી વાગી.. ચાર સીટીમાં તો ખીચડી તૈયાર.. મને ખબર હતી બીજી તરફ રીંગણ-બટાકા સમારી દીધા.. લસણની ચાર કળીઓ ફોલી..

ત્યાં તો બારણે ટકોરા થયા.. ગેસ પરથી ખીચડીનું કુકર ઉતારી છેક બારણે ગઈ.. બારણું ખોલ્યું સામે નજર કરી મારો માસીયાઈ ભાઈ મનુ હતો.. એની આંગળી ઝાલીને સાથે એની બેબી અક્ષિતા હતી..

હું હસી.. આવો ભાઈ મારો ભાઈ મનુ મારાથી નાનો હતો.. પણ હું છેક નાનપણથી એને તમે કહેતી.. મેં હાથ લાંબા કર્યો.. આવો બેટા અક્ષિતા અને મારા ખુલ્લા હાથોમાં મા વગરની અક્ષીતા આવી ગઈ.. મેં એના વાળને, વાળમાં, ગાલમાં ચુમી ભરી ઉંચકી લીધી.. ઘરમાં આગળ વધતાં ન પુછતાં જેવો સવાલ પુછયો.. ભઈ આમ અચાનક ?

મનુભાઈએ કહ્યું, કોરૂં વાસ્તવમાં મારૂં નામ કોરમા હતું.. મનુભાઈ મને કોરૂ કહેતા..

તારી ભાભીની યાદ મને રહેવા દેતી નથી. જાણે મારો જીવ અકળાઈ ગયો છે.. પેટે આ અક્ષિતા છે એટલે બાકી કયારનોય આ દુનિયામાંથી...

ભઈ તમને કેટલી ય વાર કહ્યું.. તમે એવું ના વિચારો તમો ભાભીને જીવાડવા માગતા નહોતા.. તમે બધું જ કર્યું પણ આયખાની દોરી જ્યાં ઓછી પડી ત્યાં.. હું કહી ન શકી. મારી ભાભીનો ચહેરો આંખોમાં ઉભરાઈ ગયો.. હોસ્પિટલના બર્થ પર મારો હાથ પકડતાં કહેલું કોરમાબેન તમારા ભાઈનું ધ્યાન રાખજો. મારી અક્ષિતાને તમારી કરજો. હું કદાચ હોઉં ના હોઉ.. મારી ભાભી સુમિત્રાની કીડનીમાં પરૂ થઈ ગયું હતું અને...

હોસ્પિટલની એ ઘટના આંખે ચડી ગઈ.. એક આંસુ મારા ગાલ પરથી દડી ગયું.. આખરે મારા ભાઈની એ પત્ની હતી.. અને ભાઈ અને પુત્રીને જીંદગીના મધ્ય માર્ગમાં છોડીને ભાઈ અને બેબીને રઝળતા મુકીને કયાંક અગોચર ભૂમિપ્રદેશમાં નીકળી ગઈ હતી.. એકલા પડેલા મારા મનુભાઈને કહેલું, ભૈ ભાઈ તો ગયા.. તમે એકલા પડી ગયા.. કયાંક મેળ પાડી દો.. લાંબી જીંદગી એકલા નહીં જીવાય... તમે તો ટીંગરા મીંગરૂ કરી દેશો પણ બિચારી અક્ષિતાનું શું ? એના સામે જોજો.. મેં એ ટાણે કહેલું પણ મનુભાઈ શાંત રહ્યા હતા.. કદાચ એમના મનમાં કશું બીજું ભયંકર ચાલી રહ્યું હશે...

તાજો.. પણ જુનો ભુતકાળ તુટયો...આવ્યા છો તો ભાઈ બે દિવસ રહીને જાવ.. અક્ષિતાને ગમશે અને તારૂં મન કંઈક હળવું થશે..

મેં કહેલું..

નવ વાગવા આવ્યા. બારણે ટકોરા થયા.. અમોલ આવ્યા હોવાનો અંદાજ આવ્યો.. મેં જઈને બારણું ખોલ્યું.. એમણે આવતાંવેંત જ સવાલ પુછયો.. કોણ આવ્યું હતું ?

નવ વાગવા આવ્યા.. મનુ ભૈ મારો શબ્દ સાંભળતાં જ એમના મોંઢાના હાવભાવ બદલાઈ ગયા. મારી નજર એ પારખી ગઈ.. પેટમાં એક ધ્રાસકો પડયો..પણ શું થાય ? એક એ મિસ્ટર હતા તો એ એક માસિયાઈ મારો ભાઈ-સગા ભાઈથી ય ચડિયાતો મનુ હતો.. કશું કહ્યું નહીં.. તેઓ અંદર ગયા.. આવો મનુ ભૈ.. શબ્દો ભાવ સાથે હતા કે નહીં મને ખબર ન પડી. પણ એક હર્ષ થયો..

હાશ કંઈક ઉખડું વર્તન તો નથી કર્યુ ને.. ત્યાં તો અમોલે મને કહ્યું,.. મનુભાઈ આવ્યા છે તો એમના માટે કંઈક સારૂં બનાવ... મારૂં હૈયું જાણે વધુ આનંદ પામ્યું..**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# પ્રાણી-પક્ષીઓની વાર્તાઓ લાંબી પૂંછડીનો વટ

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણું બાળ સાહિત્ય આમ તો દાદા-દાદી દ્વારા કહેવાતી મૌખિક વાર્તાઓની પરંપરામાંથી ઉતરી આવ્યું છે. તેમાં મૌખિકરૂપે એક પેઢી બીજી પેઢીને વાર્તાઓ કહેતી તેથી એ વાર્તાઓનો સમયગાળો કે તેના લેખકો વિષે ચોક્કસ કંઈ માહિતી પ્રાપ્ત થઈ શકતી ન હતી. દેશકાળ અને પરિસ્થિતિઓ મુજબ તેમાં કંઈને કંઈ નવું ઉમેરાતું ગયું. આ વાર્તાઓનો હેતુ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવવાનો અને તે દ્વારા નૈતિકતા અને માનવતાના ગુણો જેવા સંસ્કારો આપવાનો હતો.

લગભગ ૨૫૦૦ વર્ષો પહેલાં અમરકિર્તી નામે એક રાજા થઈ ગયો. તેના ચાર પુત્રોનું ભણવામાં મન ચોંટતું ન હતું.તેથી રાજાએ તેમને ભણાવવા, સદાચાર અને નિતીનું જ્ઞાન આપવા પંડિત વિષ્ણુરામ શર્મા નામના વિદ્વાનને જવાબદારી સોંપેલી તેમણે વન્ય પશુપક્ષીઓને વાર્તાના પાત્રો બનાવી ચારે રાજકુમારોને નૈતિકતા અને સામાજીક સંબંધો વિષે બોધ આપ્યો, પંડિત વિષ્ણુ શર્માની એ વાર્તાઓ 'પંચતંત્ર ની વાર્તા' ના રૂપે સંસ્કૃત ભાષામાં 'હિતોપદેશ' નામે સાહિત્યમાં લિખિત રૂપે આવી. અત્યારે તો 'પંચતંત્ર' ની વાર્તાઓ અનેક ભાષાઓમાં બજારમાં ઉપલબ્ધ છે. તે ઉપરાંત 'ઈસપની વાતો' બાલ સાહિત્યમાં ખુબ પ્રસિધ્ધ છે. ઈસપ યુનાનનો એક ગુલામ હતો. તે પશુ-પક્ષીઓની વાર્તાઓ મૌખિક રૂપે સંભળાવતો જેને યુનાનના વેવ્રિયસ્ત નામના વિદ્વાને સંગ્રહિત કરેલી. અને રોમના રાજા ફ્રાયડ્રસે 'ઈસપની વાર્તાઓનો લેટિન ભાષામાં અનુવાદ કરાવ્યો. એજ રીતે 'સિંહાસન બત્રીસી' અને 'વૈતાલ પચ્ચીસી' જેવી વાર્તાઓ કાળક્રમે અનુવાદરૂપે આવી અને પુસ્તકરૂપે ઉપલબ્ધ થઈ .

જો કે ગુજરાતીમાં બાળ સાહિત્ય ખરેખર નિખર્યું ગિજુભાઈના સમયથી. વળી મિશનરીઓએ શિક્ષણ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા ત્યાંથી બાળસાહિત્ય શરૂ થયું. ટુંકમાં બાળ સાહિત્ય એ અર્વાચીન કાળની નીપજ છે એમ કહી શકાય ત્યારે આજે લખાતા બાળ સાહિત્યમાં પણ વિષય, સંદર્ભ અને કહેવાની રીત ભલે બદલાઈ હોય છતાં પરંપરાગત બાળસાહિત્યની ઝાંપ તેમા અનુભવાયા વિના રહેતી નથી.

આજે મારે તેમને તાજેતરમાં પ્રગટ થયેલાં

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ન બનશો પરફેક્ટ મોમ !

### નારી

શું તમે પણ પરફેક્ટ મોમ એટલે કે એક યોગ્ય મા બનવાની કોશીશમાં લાગેલા રહો છો ? યાદ રાખો આ દુનિયામાં કોઈપણ પરફેક્ટ નથી હોતું. હર કોઈથી ભુલો થાય છે અને તમે એટલી ખરાબ મા નથી જેટલું તમે વિચારો છો. એવા ઘણા કારણ છે. જેને લઈને તમારે પરફેક્ટ મોમ બનવાની કોશીશ છોડી દેવી જોઈએ.

બાળકો પણ એવું જ કરશે એ ભુલો કરવાથી બચવાની કોશીશ કરવા લાગશે અને એમનો આત્મવિશ્વાસ પણ ઓછો થતો જશે. અસલમાં ભુલ કરવી એ શીખવાની પણ એક કામગીરીનો હિસ્સો જ છે. ભુલોથી શીખીને જ બાળકો આગળ વધે છે. એટલે એમને ભુલો કરવા દો, પરફેકટબનવાની પાછળ તમે પણ ભાગવાનું છોડી દો અને એમને પણ ભાગવા ન દો.

**શ્રેષ્ઠતા આપો :** તમે દરેક કામને પરફેક્ટ કરવાને બદલે એને બેસ્ટ શ્રેષ્ઠ કરવાની કોશીશ કરો. આવું કરીને તમે તમારા બાળકોની સામે દાખલા બેસાડી શકો છો. તમે બાળકોને દેખાડો કે કોઈ કામ સહુથી સારી રીતે કઈ રીતે કરી શકાય છે. ભલે એ પરફેક્ટ હોય કે ન હોય.

**તમે ખુદને ટેન્શન આપો છો ?:**

પરફેક્ટ હોવાની ઘેલછા રાખવી બેહદ ટેન્શન વાળું કામ છે. ટેન્શનથી તમારી તબિયત પર અસર પડે છે. વારંવાર દરેક કામમાં પરફેક્ટ લાવવાની કોશીશ તમને સતત ટેન્શનમાં રાખે છે. તમારે દરેક સમયે એક વાત તમારા મગજમાં રાખવી જોઈએ કે પરફેકશન હંમેશા લોકોને દુઃખી બનાવી દે છે. તમારી પાસે જે શ્રેષ્ઠ છે એ આપી અને ખુશ રહો. તમે જેવી મા છો એનાથી જ સંતોષી અને સુખી રહો અને તમારો આત્મવિશ્વાસ જાળવી રાખો.

તમે અસંતુલિત થઈ જાવ છો ?:

જો તમે જીંદગીમાં ફકત એક જ વસ્તુનું ધ્યાન રાખશો તો તમે અસંતુલીત થઈ જશો. તમે એક મા છો. એટલા માટે પરિવારમાં તમારૂં મહત્વનું સ્થાન છે. તમે એક મા હોવા ઉપરાંત પત્ની, બહેન, દિકરી, વહુ વગેરે છો. તમારી પાસે કરવા માટેની ઘણી બધી વસ્તુઓ છે. એટલે ખોટી પ્રાથમિકતાની પસંદગી ન કરો. એક સારી મા બનો, સારી પત્ની, બહેન દીકરી અને વહુ પણ.

**તમે આખા પરિવારને ટેન્શન તણાવ આપો છો :**

પરફેકશનનો પીછો એક ન મેળવી શકવાવાળું લક્ષ્ય છે. જયારે આ પરિવારનો એક સભ્ય આ આંધળી દોડમાં ભાગે છે. તો પરેશાની આખા પરિવારને ઉપાડવી પડે છે. એ ગેરસમજોને જન્મ આપે છે અને ઝઘડા પણ ઉભા કરે છે. બધાની જેમ તમે પણ ખુશખુશાલ પરિવારની ઈચ્છા રાખતા હશો. એટલે જ એક પરફેકટ મા બનવાની કોશીશ છોડી દો.

**-કુ.અંજના સોનકર**

# ચહેરાની માવજત બાબત કેટલીક ગેરમાન્યતાઓ

### રૂપના રખોપા

સુંદરતાના રખોપાં બાબતે આપણે ત્યાં કંઇ કેટલીય માન્યતાઓ પ્રવર્તે છે, પરંતુ તેમાં કેટલું તથ્ય હોય છે તેની ભાગ્યે જ કોઇને ખબર હોય છે. આટલું ઓછું હોય તેમ ટીવી પર આવતી જાહેરાતો પણ ઘણીવાર માનુનીઓને ગેરમાર્ગે દોરતી હોય છે. વાસ્તવમાં તેમાં કહેલી વાત ખોટી નથી હોતી, પણ તેમાં તેના અવળાં પાસાને રજૂ કરવામાં આવતા નથી. પરિણામે મહિલાઓ ગેરમાર્ગે દોરાય છે. અહીં આપણે સૌંદર્ય વિશેની કેટલીક માન્યતાઓ બાબતે નિષ્ણાંતોના મત જાણીશું

ફેરનેસ ક્રીમ ત્વચાને ઉજળી બનાવે : આ વાત સાવ ખોટી નથી તો તદ્દન સાચી પણ નથી. નિષ્ણાતો કહે છે કે તેનાથી તમારી ત્વચા પર એકથી બે શેડનો ફરક આવી શકે પણ તેનાથી વધુ નહીં. તે પણ જ્યાં સુધી તમે તેનો ઉપયોગ ચાલુ રાખ્યો હોય ત્યાં સુધી. ફેરનેસ ક્રીમ લગાવવાનું બંધ કરો પછી એકાદ-બે મહિનામાં તમારી ત્વચા અગાઉ જેવી જ થઈ જાય છે. હા, જો ફેરનેસ ક્રીમનું પાકું પરિણામ જોઈતું હોય તો તેની સાથે સન પ્રોટેક્શનનો ઉપયોગ કરવાનું ન ભૂલો. ત્વચા નિષ્ણાતો કહે છે કે ફેરનેસ ક્રીમમાં રહેલા, ત્વચાને ગોરી બનાવતાં બધાં દ્રવ્યો હાનિકારક નથી હોતાં. આમ છતાં તેમાં વપરાતા હાઈડ્રોક્વિનોન બાબતે સાવધાન રહેવું જરૂરી છે. હાઈડ્રોક્વિનોન મેલાનિન ઘટાડતું રસાયણ હોવા છતાં તે લગાવ્યા પછી તડકામાં રહેલા પારાજાંબલી કિરણોની અસર ઘણી વધી જાય છે. પરિણામે ત્વચાનું કેન્સર થવાની ભીતિ રહે છે. વળી આ કેમિકલ સ્વયં કેન્સરકારક હોય છે. તેથી લાંબા સમય સુધી તેનો વપરાશ કરવો હાનિકારક પુરવાર થઈ શકે. જ્યારે કેટલાંક કેસમાં તો આ રસાયણને કારણે ત્વચા ઉજળી બનવાને બદલે કાળી પણ પડી શકે છે. બહેતર છે કે હાઈડ્રોક્વિનોન ધરાવતી કોઈપણ ક્રીમનો ઉપયોગ કેટલા પ્રમાણમાં કરવો અને કેટલા સમય સુધી કરવો તેની સલાહ નિષ્ણાત તબીબ પાસે અચૂક લેવી.

લાંબા ગાળે ફેશ્યલ હાનિકારક પુરવાર થાય : આવું ત્યારે જ બને જ્યારે તમે નિષ્ણાત બ્યુટિશિયન પાસેથી ફેશ્યલ ન કરાવો. એટલું જ નહીં ત્વચાનો પ્રકાર ઓળખ્યા વિના ફેશ્યલ માટે વાપરવામાં આવતી ક્રીમ કે અન્ય પદાર્થો ચામડીને નુકસાન કરે છે. તેથી ફેશ્યેલ કરાવવાથી પહેલાં સંબંધિત બ્યુટિશિયન નિષ્ણાત છે કે નહીં તેની તપાસ કરી લો. ત્યારબાદ તેની સાથે તમારી ત્વચાના પ્રકાર વિશે વાતચીત કરો અને તમારી ત્વચા પર જે ફેશ્યલ સુટ થાય તે જ કરાવો. વળી ફેશ્યલ માટે ઉપયોગમાં લેવાતા અન્ય સાધનો સ્ટરિલાઈઝ કરેલાં કે ડિસ્પોઝેબલ હોય એવો આગ્રહ રાખો. સાબુથી ચહેરો ધોવાથી ત્વચાને નુકસાન થાયઃ આજની તારીખમાં મોટાભાગની માનુનીઓ ચહેરો ધોવા ફેસ-વૉશનો જ ઉપયોગ કરે છે. તેમના મગજમાં એવું ઠસાવી દેવામાં આવ્યું છે કે સાબુમાં રહેલા તીવ્ર રસાયણો ચહેરાની ત્વચાને હાનિ પહોંચાડે છે. પરંતુ આ વાત બધા સાબુને લાગુ નથી પડતી. આજે બજારમાં એવા સાબુ પણ મળે છે જે ખીલવાળા ચહેરા માટે

**રાજ્ય ચૂંટણી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તો બીજી તરફ સ્ટાફ ઘટાડવા અંગેનું કારણ એ પણ છે કે કર્મચારીઓની ચૂંટણી લક્ષી કામગીરી પ્રત્યેની ઉદાસીનતા તેમજ સામાજીક પ્રસંગોની બહાનાબાજી, બીમારીના વિવિધ કારણો, પારીવારીક સામાજીક કારણો આગળ ધરી આવા કર્મચારીઓ કામગીરીથી અળગા રહેવાનો પ્રયત્ન કરે છે. અને અલિપ્ત રહેવા ઈચ્છતા હોવાનું ધ્યાને આવતા પંચ દ્વારા કર્મચારીઓની ઘટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. જોકે અગાઉ ૧૦૦ કર્મચારીઓની સામે પંચ ૧૨૫ કર્મચારીઓને રોકતા હતા જે હવે આ ચૂંટણીમાં ઘટ થશે. એટલે કે હવે ૧૦૦ ની સામે માત્ર ૧૧૦ કે ૧૧૫ ટકા કર્મચારીઓ ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે રાજય મુખ્ય ચૂંટણી કમીશ્નર બી.બી.સૈન ખાસ વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી હતી. જેમાં ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓને ઓનલાઈન તાલીમ આપી હતી અને સંબંધિત જિલ્લા કલેકટરો સાથે પણ ચૂંટણીલક્ષી કામગીરીના વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી.

**જીઆઈડીસીના ચેરમેન...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ગુજરાત વિધાનસભામાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુખ્ય દંડકની કામગીરી બજાવીને મે તેમની કાર્યશૈલીને નજીકથી અનુભવી છે. ગુજરાતે જે વિકાસની વાટ પકડી છે તેને આગળ ધપાવવા માટે પાર્ટીની વિકાસયાત્રાથી પ્રેરાઈને હું ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો છું.ભાજપનો ૧૫૦+ સીટોનો ટાર્ગેટ સિધ્ધ થાય તે માટે અહીથી પણ એક કમળ મોકલવા અનુરોધ કર્યો હતો. ભારતીય જનતા પાર્ટીના તાલુકા પ્રમુખ પ્રવિણસિંહ રાણાએ સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે માર્કેટ સમિતિના ચેરમેન કે.પી.ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરીને સૌને પાર્ટીના કામે ખભેખભા મિલાવી કામે લાગી જવા જણાવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના વડગામ કાર્યાલય ખાતે બલવંતસિંહ રાજપૂતનું ઢોલ નગારાથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ અને તેમના વરદહસ્તે કાર્યાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, ભાજપના જિલ્લા મંત્રી અને વડગામ વિધાનસભાના ઈન્ચાર્જ કેશરભાઈ વાયડા, બનાસડેરીના ડીરેક્ટર ફલજીભાઈ ચૌધરી, તાલુકા મહામંત્રી દશરથજી ઠાકોર, ગોવિંદભાઈ ચૌધરી, મીડીયા ઈન્ચાર્જ રૂપસિંગ ચૌહાણ, જિ.પં.ના પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી, તાલુકા ભાજપ ઉપપ્રમુખ અશ્વીનભાઈ સકસેના યુવા અગ્રણીઓ દિનેશસિંહ સોલંકી, સામંતસિંહ સોલંકી, વિજયસિંહ રાજપૂત, સાગર ચૌધરી, અશ્વીનસિંહ રાઠોડ, સહિત વિશાળ સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**પાટીદાર મતદારોની...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જ્યારે બીજો વર્ગ ભાજપના સમર્થનમાં સામે આવી રહ્યો છે ત્યારે આવનાર પરીણામોથી જ સમગ્ર સ્થિતિનું સ્પષ્ટ ચિત્ર બહાર આવશે તેમ મનાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઝુકાવનાર ઉમેદવારોની ટીકીટ વહેંચણી પણ ભાજપ કોંગ્રેસ માટે મહત્વની સાબીત થશે. કારણ કે ચૂંટણી જંગમાં માત્ર બેઠક જ નહીં તેના ઉમેદવાર ઉપર થતા ઘણો મદાર હોય છે. એટલે રાજકીય પક્ષો પણ જાતિવાદી, રાજનીતિથી પર છે જ નહીં. જો કે જાહેર સ્થળો પર જાતિવાદી રાજકારણીનો વિરોધ થતો હોય છે. પરંતુ ટીકીટ વહેંચણીમાં જાતિવાદને ચોક્કસ ધ્યાને લેવામાં આવે જ છે જે સત્ય બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વખતની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નોટબંધી, જીએસટી, વિવિધ સંગઠનોના આંદોલનો અને ભુતકાળમાં બનેલી અત્યાચારની ઘટનાઓના સમીકરણો આવનાર સત્તાની શતરંજમાં કેવી ચાલ ચાલશે તે સમય જ બતાવશે.

**ચુંટણીને અનુલક્ષી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ માટે બોર્ડર વિસ્તારમાં પુરતી સંખ્યામાં બન્ને રાજ્યોમાં ચેકપોસ્ટો ઉભી કરીને પોલીસ બંદોબસ્ત જાળવવામાં આવશે. બેઠકમાં રાજસ્થાનના શિરોહી જિલ્લાના કલેક્ટર સંદેશ નાયકે જણાવ્યું કે ગુજરાતની ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ અને મુક્ત વાતાવરણમાં યોજાય તે માટે રાજસ્થાનના વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ ધ્વારા પુરતો સાથ અને સહકાર આપવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, બનાસકાંઠા પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, રાજસ્થાનના શિહોરી પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ મેઘવાલ અને વિકાસ શર્મા, બી.એસ.એફ. કમાન્ડન્ડ મેથ્યુ, નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.કે.ઉપાધ્યાય, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વિપુલ મહેતા સહિત ઉચ્ચ ઉપસ્થિત રહ્યા હતા.

**થરાદ બેઠક ઉપર...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આવા સમયે વર્ષોથી સત્તાથી વિમુખ રહેલી કોંગ્રેસ કોમવાદ અરાજકતા ફેલાવી ખેડૂત, વેપારી તેમજ બેરોજગારોનો મુદ્દો ઉઠાવી સત્તા હાંસલ કરવા માંગે છે ત્યારે થરાદ વિધાનસભા બેઠક ઉપર ભાજપ તરફે દાવેદારી કરનાર જગતાજી ઠાકોર સમગ્ર વિસ્તારમાં આગવી લોકચાહના ધરાવે છે બનાસકાંઠા જિલ્લાના ઠાકોર સમાજના સંગઠન અને એકતા સમિતિના સભ્ય અને ભાજપ પક્ષના તમામ કાર્ય માટે પ્રજાની સેવામાં હંમેશા તત્પર રહેનાર જગતાજી ઠાકોરને ટીકીટ મળે તો થરાદ બેઠક ઉપર ભગવો લહેરાય તેમાં કોઈ બે મત નથી.

**લાખણી મુકામે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

શ્રી રાજપુત કરણી સેનાના રાષ્ટ્રીય મહા સચીવ જીતેન્દ્રસિંહજી, દિયોદર ઠાકોર માનસિંહજી વાઘેલા, થરા દરબાર વનરાજસિંહજી વાઘેલા, વાવ યુવરાજ શિવરાજસિંહજી ચૌહાણ બ.કાં. કરણી સેનાના અધ્યક્ષ અર્જુનસિંહજી વાઘેલા, કાંકરેજ રાજપુત સમાજના પ્રમુખ કરણસિંહજી તથા લાખણીના પુર્વ સરપંચ થાનુસિંહ ભગવાનસિંહ વાઘેલા, રાણસિંહ વાઘેલા સહિત આ વિસ્તારના મોટા ભાગના સમાજના આગેવાનો હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગતસિંહજી રાઠોડે કર્યું હતું.

**મોટા જામપુરના...**

**પાના નં .૮ ચાલુ**

જમીન ગૌચર હેડે ચાલતી હોવા છતાં મોટા જામપુરા ગ્રામ પંચાયતે ઠરાવ નં. ૩ તા.૨૧/૦૮/૨૦૧૭ થી ઠરાવ કરી તેનું ખોદકામ કરી નર્મદા મુખ્ય નહેરના પાળા માટે લેવા માટે ઠરાવ કરી આપતા નર્મદા નિગમે પાળા બંધીનો કોન્ટ્રાકટ જલારામ કન્ટ્રકશન, અમદાવાદને આપેલ અને આ જમીનમાંથી માટીનું ખોદકામ કરાતું હતું. પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ગૌચરની જમીન કોઈપણ હેતું માટે ન આપવાની સુચના હોવા છતાં ગ્રામ પંચાયતે તેના ક્ષેત્ર અધિકાર બહાર જઈને જમીન માંથી માટી લેવાની પરવાનગી આપતો ઠરાવ કરેલ આમ ગ્રામ પંચાયત મોટા જામપુર દ્વારા નીતિ નીયમો નેવે મુકી ગૌચરની જમીનમાં ઠરાવ કરી આપેલ. આ બાબતે ગ્રામ પંચાયત વિરૂધ્ધ કાર્યવાહી થશે કે કેમ ? તેવો પ્રશ્ન પંથકમાં ઉઠવા પામ્યો છે.

**દિયોદર બેઠક...**

**પાના નં .૮ ચાલુ**

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના સાથે ધાર્મિક કાર્યકર તરીકે સેવા આપે છે. સમાજના તમામ લોકોને સાથે રાખી ચાલનાર એવા ઠાકોર સમાજના આગેવાન અભેસીંગ શાંતિજી ઠાકોર ઉપર પસંદગીનો કળશ ઢોળે તો આ બેઠક કોંગ્રેસના ફાળે જાય તેવુ નિશ્ચિત હોવાનું મનાઈ રહ્યું છે. ભાજપના લગભગ વીસથી એકવીસ વર્ષના શાસનમાં ખેડુતોની હાલત બદતર બની છે. આ સરકારમાં ખેડુત બિચારો ગરીબ અને દેવામાં ડુબતો જાય છે અને વેપાર ધંધા પડી ભાગ્યા છે. ચારે તરફ ભાજપના કૌભાંડો અને ભ્રષ્ટાચારે માઝા મુકી દીધી છે.

નાના મોટા વેપારીઓને જીએસટી લગાવીને ધંધા રોજગારમાં મોટો ફટકો પાડ્યો છે. ત્યારે આવી સરકારને રાજયમાંથી વિદાય અપાવી અને કોંગ્રેસનેધ સત્તામાં લાવવા લોકોની માંગ છે. ત્યારે દિયોદર વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસ તરફે દાવેદારી કરનાર ચોહાણ શાંતિજી વિહાજી (ભગત) ના પુત્ર અભેસીંગ ઠાકોર સમગ્ર વિસ્તારમાં સર્વમાન્ય નેતા ગણાઈ રહ્યા છે.

**ગુજરાતનું ખનીજ...**

**પાના નં .૮ ચાલુ**

જવાય છે તેનો બોલતો પુરાવો હાલમાં જ ભૂસ્તર વિભાગને મળ્યો છે પરંતુ ભૂસ્તર વિભાગે કોઈ પ્રકારની કામગીરી કે તપાસ કરી નથી.

ડીસામાં પોલિસ દ્વારા પકડાયેલ ડમ્પર રાજસ્થાનનું હતું એનો દંડ પણ રાજસ્થાનના માલિકે ભર્યો છે અને રેતી પણ રાજસ્થાન લઈ જવાથી હોવાનું કબુલ્યું હતું તેમ છતાં ભૂસ્તર વિભાગે માત્ર ડમ્પર ચાલકને દંડ ફટકારી આગળની કોઈ પણ તપાસ કરી નથી અને ગેરકાયદેસર રીતે રેતી નું ખનન અને વહન કરનાર બન્ને લોકોને બચાવવાના ભરપૂર પ્રયાસો કરાયા છે તે સ્પષ્ટ થયું છે.

ડીસા તેમજ આજુબાજુના ગામોમાંથી ચાલતી ક્વોરીઓ થી મોટા ભાગના ડમ્પરો ધાનેરા રોડ થઈને નેનાવા બોર્ડરથી સાંચોર સુધી જાય છે અને સાચોર ત્રણથી ચાર જગ્યાએ રેતી ખાલી થાય છે. જે રાજસ્થાન જતા કોઈપણ વ્યક્તિને નજરો નજર દેખાય છે પરંતુ આ બાબત ભૂસ્તર વિભાગને દેખાતી નથી. જેથી રેતી અને ખનીજચોરીના આંતરરાજ્ય કૌભાંડમાં તંત્રની રહેમ નજર હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.ડીસા અને કાંકરેજમાં ચાલતી કેરીઓમાંથી રોયલ્ટી ભર્યા વગર દૈનિક ૨૦૦૦થી વધુ ટ્રકો અને ડમ્પરો રેતી ભરીને નીકળે છે જે હિસાબે સરકારને રોજની લાખો રૂપિયાની રોયલ્ટી ની આવક ગુમાવવી પડે છે. ભૂસ્તર વિભાગ દ્વારા રોયલ્ટી ચોરી પકડવાની સાથે-સાથે ખનીજ ચોરીનું આંતરરાજય ષડયંત્ર ચાલી રહ્યું છે તેના પર પણ અંકુશ લાવવાની કામગીરી કરવી જોઈએ તે થતી નથી.જેથી આ બાબતે હવે સરકાર જિલ્લા કલેકટરની ટિમ હેઠળ તપાસ સમિતિ નીમી કૌભાંડને ઉજાગર કરવું જોઈએ તેવી જિલ્લાવાસીઓની લાગણી છે.

રાજસ્થાનમાં રેતી જતી હોવા અંગે જિલ્લા ભૂસ્તર વિભાગના અધિકારીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે,' આપણા જિલ્લાની હદમાંથી રેતી ભરેલા વાહન ઝડપાય તો કાર્યવાહી કરી શકીએ રાજસ્થાનની હદમાં આપણે કાર્યવાહી કરી શકતા નથી.'

અત્રે ઉલ્લેખનીય છે ભૂસ્તર વિભાગ દ્વારા આ સમગ્ર ષડયંત્ર પકડાય તેમ છે પરંતુ અધિકારીઓ કૌભાંડને છાવરતા હોય તેવી સ્પષ્ટ માનસિક ઉદાસીનતા જણાઈ રહી છે.

**મતદાર વિવિપેટને...**

**પાના નં .૮ ચાલુ**

કચેરી ખાતે ચુંટણી આચાર સહિતા અને વીવીપેટ તેમજ ઈ વી એમ અંગે નિદર્શન બેઠક બોલાવાઈ હતી. જેમાં ભાજપ બક્ષી મોરચાના પ્રદેશ પ્રમુખ દિનેશ અનાવાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશોક પટેલ, ચેતન ત્રિવેદી, ડીસા કોંગ્રેસ પ્રમુખ દીપક પટેલ ,લોકસભા યુથ પ્રમુખ સંજય દેસાઈ, શિવસેનાના ઉત્તર ગુજરાતના પ્રમુખ કમલેશ ઠક્કર, આપ પાર્ટીના ઉત્તર ગુજરાતના સંયોજક ભેમાભાઈ ચૌધરી સહિત દરેક રાજકીય પક્ષોના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. ચૂંટણી અધિકારી દ્વારા આ વખતે પ્રથમ વખત ઈ વી એમની સાથે વીવીપેટ મશીનનો ઉપયોગ થવાનું હોય તેનું નિદર્શન કર્યું હતું. વીવીપેટ માં મતદાર મત આપ્યા બાદ ૭ સેકન્ડ સુધી કોને મત આપ્યો તે ડિસ્પ્લેમાં જોઈ શકશે જો કોઇ મતદાર વીવીપેટ અંગે વાંધો ઉઠાવે તો ફરીથી પોલિંગ ઓફિસર અને પોલિંગ એજન્ટ રૂબરૂમાં તેને ફરીથી મત આપવા દેવામાં આવશે. ત્યારબાદ તેણે અગાઉ આપેલા મતની ચકાસણી કરવામાં આવશે .જો મતદાર વીવીપેટને ખોટું ઠેરવી ન શકે તો પચાસ હજાર રૂપિયા દંડની જોગવાઈ ચૂંટણીપંચ દ્વારા કરાઈ છે. આ પ્રકારની માહિતી તેમજ રાજકીય પક્ષોને તેમની સભા રેલી બેઠકો વગેરે માટે પરમિશન લેવા સિંગલ વિન્ડો સિસ્ટમ ઉભી કરાઈ હોવાનું પણ ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું .

ભાજપ સિવાય તમામ પાર્ટીના આગેવાનોએ મતદારને રૂા. ૫૦,૦૦૦ દંડ ની વાત એક પ્રકારની ધમકી ગણાવી હતી કોઈપણ વ્યક્તિને વીવીપેટ અંગે કે ઈ વી એમ અંગે કંઈપણ ગેરસમજ ન રહે તે માટે ચૂંટણી અધિકારીએ વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત ડીસા વિધાનસભામાં નિદર્શન માટે ૨૦ મશીન ફાળવા હોય ગામેગામ તેનું નિદર્શન કરાશે અને વધુ ને વધુ લોકો તેમજ પ્રથમ વખત મત આપતા યુવા મતદારો પણ તેનાથી જાગૃત થાય તે અંગે વધુને વધુ લોકોને જાગૃત કરવા ચૂંટણી અધિકારીએ અનુરોધ કર્યો હતો.

**નોટબંધીને એક...**

**પાના નં .૮ ચાલુ**

ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જેમાં ખાસ કરીને ગરીબ વર્ગ અને ખેડૂતોને મુશ્કેલીઓ ભોગવવી પડી રહી છે. બેંકોમાં નિયમો બદલાતા જ બેંકવાળાઓ આવા ગ્રાહકોને હડધુત પણ કરતા જોવા મળી રહ્યા છે. જેમાં ખાસ કરીને ધાનેરાની દેના બેંક, બેંક ઓફ બરોડ તેમજ એસ.બી.આઈ. બેંકમાં આ માહોલ વધારે જોવા મળી રહ્યો છે. જેના કારણે આ જગતના તાતને છતાં રૂપિયે બેંક વાળાઓ જોડે ભીખ માંગવાના દિવસો આવ્યા છે. આ સરકારે એક વર્ષ નોટ બંધીને થવા છતાં પણ બેંકોમાં પુરતા નાણાં ન આપતાં લોકો ભારે હાડમારી ભોગવી રહ્યા છે.

આ અંગે કિસાન સંઘના અગ્રણી કાળુભાઈ તરકે જણાવેલ કે, દેના બેંક, એસ.બી.આઈ. તેમજ કેટલીક અન્ય બેંકોમાં ખેડૂતોના ખાતાઓ છે. જ્યાં પૈસા ઉપાડવા જાય ત્યારે ભારે હેરાનગતી ભોગવવી પડી રહી છે અને જે હિન્દી ભાષી સ્ટાફ છે તે પણ આ ખેડૂતોને ધુત્કારી કાઢે છે. જેથી આ બાબતે બેંકવાળા નહીં સુધરે તો કિસાન સંઘ દ્વારા ઉગ્ર આંદોલન પણ કરવું પડશે તેમજ ધાનેરામાં પુરતા રૂપિયા ન હોવાથી ખેડુતોને ધરમ ધક્કા ખાવા પડી રહ્યા છે.

**પાલનપુરના માનસરોવર ...**

**પાના નં .૮ ચાલુ**

જેની જાણ કરતા પોલીસ અને ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. દરમિયાન, તરવૈયા ઓની મદદથી એકાદ કલાકની જહેમત બાદ અજાણ્યા યુવકનો મૃતદેહ બહાર કઢાયો હતો. આ ૪૦ વર્ષીય અજાણ્યા યુવકના ખિસ્સા માંથી એક યુવતીનો ફોટો મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પી.એમ.માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. આ અજાણ્યા યુવકની ઓળખવિધિ બાદ તેનો પી.એમ.રિપોર્ટ આવશે ત્યારે જ આ યુવકની હત્યા કે આત્મહત્યા તેના પરથી પડદો ઊંચકાશે તેવો આશાવાદ પોલીસ પણ સેવી રહી છે.

## નારી ચેતના...

## અનુસંધાન ૫ નું ચાલુ

ઘરમાં નહીં જ આવવા દે. જો કોઈ સગાંસંબંધીઓ મહેણું માર્યું તો એ સંબંધનો લાભ નહીં જ લેવા દે.. ખાસ કરીને પત્નીના પિયરીયામાંથી મળનારાં લાભોથી વંચિત રહેવા હઠાગ્રહી બનશે. તેવે વખતે પત્ની વિચારે શું મોજશોખ કે વધારાની સવલતો વીના જીવી ના જ શકાય ? તમારા પતિ જે મતભેદને કારણે સંબંધો તોડી ચુકયા છે. એ સંબંધો સમય જતાં સુધરશે.. પતિના મનનો અવાજ સંબંધ શરૂ કરવા કહે તેટલો સમય ધીરજ રાખે..

એવું જ ઘરમાં થતાં ખર્ચ કે બાળકોની આદતે બાબતે પતિ કડક વલણ અપનાવશે. તેને તમારી બેફીકરી જીવનશૈલી સાથે વાંધો હશે. તો તમે તેના મતની સામે તમારી વર્તણુંકોને યોગ્ય ઠેરવવાના સ્થાને તેના વિચારો મુજબ તમને બદલવા કોશીશ કરો. શકય ત્યાં સુધી મતભેદને ટાળો. વહેવાર કે કોઈ બાબતને તમને તમારો મત વજનદાર લાગતો હોય તો પતિ હળવા મુડમાં હોય તે વખતે ચર્ચા કરવા સમય માંગો. તમે સહમત કરાવશો નહીં..માત્ર પ્રસ્તાવ મુકીને વાત અધુરી છોડો.

## રૂપના રખોપા

## અનુસંધાન ૫ નું ચાલુ

ફાયદાકારક પુરવાર થાય છે. જ્યારે કેટલાંક સાબુ શુષ્ક ત્વચાને મુલાયામ બનાવે છે. તેથી સાબુ ખરીદવાથી પહેલા તેની ગુણવત્તા તેમ જ તે કઈ ત્વચા પર ફાયદાકારક છે તે તપાસી લેશો તો તે તમારા ચહેરાની ત્વચાને નિખારશે.

કોઈપણ ખરબચડા પદાર્થથી મૃત ત્વચા દૂર કરી શકાય : આ માન્યતા તદ્દન ખોટી છે. ત્વચાને સ્ક્રબ કરવા માટે ખરબચડા નહીં પણ સુંવાળા તેમ જ કરકરા સ્ક્રબની જરૂર પડે છે. તમારે તમારી મૃત ત્વચાને હળવે હાથે દૂર કરવાની છે. ચામડીને જોરજોરથી ખરબચડા પદાર્થ વડે ઘસીને તેના ઉપર ઘસરકા નથી પાડવાના. તેથી ચહેરા પર સારી ગુણવત્તાવાળું સ્ક્રબ હળવે હાથે ગોળાકારમાં ઘસો. તે તમારી ત્વચાને એક્સફોલિએટ કરશે. બાકી ચહેરાની ત્વાચને સુંવાળી-મુલાયમ રાખવા ટોનિંગ અને મોઈશ્ચરાઈઝિંગ પણ આવશ્યક છે. બધી જડીબુટ્ટીઓ ત્વચા નિખારે અને કેમિકલયુક્ત પ્રોડક્ટ ચામડીની દાટ વાળે : આ તો એવી વાત થઈ જાણે જડીબુટ્ટી સિવાયની બધી દવાઓ હાનિકારક જ હોય. એ વાતમાં બે મત નથી કે જડીબુટ્ટી કે પ્રાકૃતિક પદાર્થો વધુ ફાયદાકારક હોય છે. પરંતુ તે ત્યારે જ કામ આપે છે જ્યારે તે તાજાં ઉપયોગમાં લેવાય. જોકે બગીચામાંથી તોડયા પછી બજારમાં વેચાય અને તમારા સુધી તે પહોંચે ત્યાં સુધી તેની લગભગ બધી અસર ઓસરી જાય છે. જ્યારે કેટલીક જડીબુટ્ટીથી એલર્જી થવાનો ભય પણ રહે છે. આવી સ્થિતિમાં જો તાજી જડીબુટ્ટી મળે તો તેનાથી એલર્જી નથી થતી ને તેની ખાતરી કરી લીધા પછી તેનો ઉપયોગ કરો. એ વાતમાં પણ કોઈ તથ્ય નથી કે રસાયણયુક્ત બધા પ્રોડક્ટ હાનિકારક હોય છે. વાસ્તવમાં કોઈપણ જડીબુટ્ટી કે પ્રાકૃતિક પદાર્થને લાંબા સમય સુધી સાચવી રાખવા ચોક્કસ પ્રકારના કેમિકલનો ઉપયોગ અનિવાર્ય બની જાય છે. તેથી જ કોઈપણ હર્બલ પ્રોડક્ટ કેમિકલ રહિત હશે એ માન્યતા ભૂલભરેલી છે. હા, તેમાં રહેલાં રસાયણો હળવાં હોઈ શકે. વધુ એસપીએફવાળું સનસ્ક્રીન વધુ સારું : આ વાત સાવ સાચી નથી. એસપીએફ કેટલું ઊંચુ છે તેના કરતાં તમારી ત્વચા પર તે કેટલો સમય ટકે છે તે જોવું વધુ જરૂરી છે. જેમ કે એસપીએફ ૧૦ની અસર ત્વચા પર ૧૦૦ મિનિટ સુધી રહે છે. તેથી તેની અસર ઓસરવા માંડે એટલે ચહેરા પર ફરીથી સનસ્ક્રીન લોશન લગાવી દો. જોકે ૩૦ થી ૫૦ સુધીનું એસપીએફ ધરાવતું સનસ્ક્રીન લોશન પરફેક્ટ ગણાય છે. પરંતુ તેની અસર ઓસરી જાય કે તરત જ ચહેરા પર ફરીથી સનસ્ક્રીન લોશન એપ્લાય કરવાનું ન ભૂલો. ઘણાં નિષ્ણાતો એમ પણ માને છે કે સનસ્ક્રીન લોશન કદાચ તમારી ત્વચાને બળતી રોકી શકે કે નહીં, પણ તમને ત્વચાના કેન્સરથી બચાવી શકે. કહેવાની જરૂર નથી કે ત્વચા પર સતત પારાજાંબલી કિરણોનો મારો ચાલે તો સ્કીન કેન્સર થવાની ભીતિ રહે છે. રોજ મેકઅપ કરવાથી ત્વચાને હાનિ પહોંચે : જો તમારા સૌંદર્ય પ્રસાધનો સારી ગુણવત્તાના હોય તો દરરોજ મેકઅપ કરવાથી પણ ત્વચાને નુકસાન નથી થતું. હા, રાત્રે સૂતી વખતે ચહેરા પરથી મેકઅપ દૂર કરવામાં ન આવે તો ત્વચાને ચોક્કસ હાનિ પહોંચે. તેથી રાત્રે સૂવાથી પહેલા મેકઅપ અચૂક દૂર કરો. ચહેરા પરથી મેકઅપ કાઢવા ક્લિન્ઝર અથવા બેબી ઓઈલનો ઉપયોગ કરો. ત્વચાને જોરજોરથી ઘસીને મેકઅપ દૂર કરવાની ભૂલ ન કરો.

## આગ ભીતર ભીતરની...

## અનુસંધાન ૫ નું ચાલુ

અત્યારે તો ખીચડી શાક બનાવ્યા છે.. ભૈ માટે કાલે સવારે બનાવીશ.. એ બે દિવસ રોકાશે.. મેં કહ્યું..

બે દિવસ કહીને શું કામ બાંધી દે છે.. અઠવાડીયું પંદર દિવસ ભલેને રોકાય..અમોલે કહ્યું..

હું ઘડી બે ઘડી જાણે તાજ્જુબ પામી ગઈ.. મારા મિસ્ટર જે મારા ભાઈ પર ચીડ કરતો હતો તે અત્યારે હું રસોડામાંથી એમની પાસે ગઈ.. અમોલે મનુભૈને કહ્યું, મનુ ભૈ આવ્યા છો તો દશ પંદર દિવસ રહી જાવ.. બહેનનું તો ઘર છે, રહો અને મન હળવું કરો..

હા..ના...હા.ના.. કરતાં મનુ ભૈ મારા ઘેર ચાર દિવસ રહ્યા પણ એમનું મન તો જઉં જઉં કરતું હતું.. પણ અમોલે કંઈક મેં રોકયા.. આટલા દીવસો અમોલનું બદલાયેલું વર્તન મને ગમ્યું..

પાંચમા દિવસે મનુભૈએ મને કહ્યું અક્ષિતા માટે હું બિસ્કીટ લઈને આવું છું.'

જી.. પણ જલદી આવજો.. ભૈ, રસોઈ થતાં વાર નહીં લાગે..

હા.. કોરૂં... હું હસી મનુભૈના મોં પર સહેજ સ્મિત ફરી વળી.. એ બિસ્કીટ લેવા ગયા અને દોઢ વાગ્યા સુધી ન આવ્યા.. રસોઈ ઠંડી પડી રહી હતી. મને થયું કયાંક ભુલા તો નહીં પડયા હોય ને. ને મેં અમોલને ફોન કર્યો.. 'ગભરાઈશ નહીં ચિંતા કરીશ નહીં.. આવી જશે..'

પણ હું બેબાકળી બની ગઈ.. કયાંક મનુભૈ.. સાંજના છ સાત.. અમોલને આવતાવેંત ફરિયાદ કરી.. એમની આંખો પણ વિસ્ફારીત થઈ..મનુભાઈ કયાંક...

એક.. બે ચાર.. છ.. મનુભૈનો કોઈ પત્તો ન હતો.. અમે ચિંતામાં હતા તો બીજી તરફ અક્ષિતા પપ્પા પપ્પા કર્યા કરતી હતી. પોલીસમાં ફરિયાદ કરી.. પોલીસ તો કહી ઉઠી કે.. એમને કયાંક...

હું સાંભળી ન શકી.. હચમચી ઉઠી.. બીજી ક્ષણે રોઈ પડી.. મારા મનુ ભૈ એવું કરે નહીં.. પણ કાળના મારેલા મારા ભૈ.. ભાભીના વિરહમાં મોતના ઉંડા ઘાથી અમોલ પણ એનાથી બનતા પ્રયાસ કરતો.. પરીણામ શૂન્ય...

આજકાલ કરતાં એકવીશ દિવસ થયા.. મારૂં સરનામું પુછતા પોલીસ આવી. કશુંક અમંગળ થયાની ગંધ આવી ગઈ..

વાસ્તવમાં નર્મદા નદીમાં મનુભાઈએ આપઘાત કર્યો હતો.. અમે સાંભળ્યું.. આવી બાબત સામે શું કરવાના હતા ? હવે આપણે.. અક્ષીતાને આપણી કરીને.. કહેતા કહેતા અમોલ રડી પડયા..હું રડી પડી..

એ વાતના આઠ દિવસ પછી અક્ષિતા પણ તાવમાં.. પપ્પાના વિરહમાં ગુજરી ગઈ..

જાણે એક કિનારો દુર દુર થઈ રહી ગયો..

**રેણું વિષ્ણુકુમાર બારોટ**

## શબ્દ સમીપે...

## અનુસંધાન ૫ નું ચાલુ

એવા જ એક બાળ સાહિત્યના પુસ્તકની વાત કરવી છે.

'લાંબા પૂંછડીનો વટ' નામે પુસ્તકમાંથી પસાર થતાં તેમાં ૨૧ જેટલી વાર્તાઓ આપણને મળે છે. તેમાં ઘણી બધી વાર્તાઓમાં પ્રાણીઓ-પક્ષીઓને વાર્તાના પાત્રોરૂપે લીધેલ જોવા મળે છે. 'લાંબી પૂંછડીનો વટ' વાર્તામાં વટમલજી વાંદરો અને વન પરીની વાત સાથે લેખિકાએ આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરી સરસ રીતે વાર્તા મુકી આપી છે. વાંચે ગુજરાતની સરકારી યોજનાની વાત પણ કોયલ, પોપટ, મેના અને કબુતર સાથે જોડીને ગધ્ધાજીને વાંચનનું મહત્વ બનાવી તે દ્વારા ઉપદેશ અપાયો છે. મૂંડા મંકોડાની મોટાઈ, અનોખી વેશભુષા, યુક્તિએ અપાવી મૂક્તિમાં પતંગિયાએ યુક્તિના આધારે ગરોળીથી પોતાના બધા સાથીઓના જીવ કઈ રીતે બચાવ્યા તેની વાત છે તો 'અર્જૂનની ફરીયાદ' મહાભારતની પૌરાણિક કથા પર આધારિત છે. 'સાચી મિત્રતા' માં વાચકના સંવાદ દ્વારા લેખિકાએ પોતાની વાત રજૂ કરી છે. ફોસી બકરીની ચાલાકી હોય કે 'છીંકારો સિંહને ફોસીસવાળી બકરી' વનના પંખીઓના સંપ દ્વારા બાળકોને સંપીલાને રોજ દિવાળીનો ઉપદેશ આપવામાં આવ્યો છે. કાગડાને પુરી મોળી લાગી...માં બાળકોને કાગડા જેવા પણી તરફના પ્રેમને ઉજાગર કરવામાં આવ્યો છે. જિરાફ અને ઉંટની અકડાઈ વાર્તામાં વિનાશકને વિપરીત બુધ્ધી કહેવતને સાકાર કરી અહંમ ન રાખવાનો બોધ અપાયો છે તો આંખા ડાળે સાપ સંગ્રહની ખાસી લાંબી વાર્તા હોવા છતાં તેનો ઉદ્દેશ્ય બરાબર સિધ્ધ થતો હોય તેમ લાગતું નથી. છેલ્લે હે 'મારા કામ .... જેવી વાર્તા બાળકને મનોરંજન સાથે ભૌતિક તરફ ખેંચી જાય છે. તે કયો બોધ આપવા લખાઈ હશે તે સમજાય નહી તેવું જ છે. છતાં વાર્તાસંગ્રહની તમામ વાર્તાઓ બાળકોને તેના ચિત્રો, સંવાદો અને રજૂઆતથી જરૂરથી આકર્ષે તેમ છે જે માટે નિરાબેનને ધન્યવાદ પાઠવું છું.' પ્રથમ આવૃત્તિ ૨૦૧૪ લાંબી પૂંછડીનો વટ(બાળ કિશોર વાર્તા સંગ્રહ) **નટવર હેડાઉ**

# કોફી કિડનીના રોગીઓનું આયુષ્ય લંબાવી શકે : અભ્યાસ

કેફીન અને મૃત્યુની શકયતા વિશે પોર્ટુગલના એક સંશોધન મુજબ કોફીમાંનું એક સંશોધન મુજબ કોફીમાંનું કેફીન નામનું ઘટક ક્રોનિક કિડની ડિસીઝ (ઋદ્બદ્ઢ) ધરાવતા લોકોનું આયુષ્ય લંબાવી શકે છે. વિશેષ પ્રમાણમાં કોફી પીતા લોકો પર મૃત્યુનું જોખમ ૨૪ ટકા ઓછું હોય છે. મહત્તમ કેફીન લેનારા લોકો કરતાં ૭૫ ટકા જેટલું કેફીન લેનાર લોકો પર બાવીસ ટકા અને પચાસ ટકા જેટલું કેફીન લેનારા લોકો પર ૧૨ ટકા મૃત્યુનું જોખમ હોય છે.

૨૩૨૮ દરદીઓના સર્વેક્ષણ પર આધારિત આ સંશોધનને કન્ફર્મ કરવા માટે ક્લિનિકલ ટ્રાયલ્સની જરૂરિયાત દર્શાવવામાં આવી છે સંશોધનનાં પરિણામો હાલમાં ન્યુ ઓર્લિયન્સમાં ચાતા કિડની વીકમાં રજુ કરવામાં આવશે.અમેરિકન કેમિકલ સોસાયટી જર્નલ ઓફ નેચરલ પ્રોડક્ટ્સમાં કોફી પીવાથી ડાયાબિટીઝનું જોખમ પણ ઘટતું હોવાનું જણાવવામાં આવ્યું છે. કોફી અને કેફીનની જીવનરક્ષક અસરો વિશ્વવ્યાપી સંશોધનોનો વિષય બની છે.

**રખેવાળના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :.........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ........................................

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા** ૩૯૦૦૦-૩૯૩૦૦
રૂપુ કાચું ૩૯૫૦૦-૩૯૭૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૬૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ ૧૦૦૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૪૦૦૦-૪૧૦૦
**ખાંડ એમ.** ૪૦૦૦-૪૧૦૦
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૪૦-૩૦૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦
ટામેટા ૮૦૦
ભીંડા ૪૦૦-૭૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫